યજ્ઞનું સૂક્ષ્મ વિજ્ઞાન પણ છે. તેનું તત્વજ્ઞાન અને વિધિ-વિધાનમાં એવાં તત્વ વિદ્યમાન છે જે સૂક્ષ્મ જગતના અદૃશ્ય વાતાવરણમાં દેવત્વની માત્રા (પ્રમાણ) વધારે છે. એનાથી સાર્વજનિક સુખશાંતિમાં અદૃશ્ય સહાયતા મળે છે. વાયુ શુદ્ધિકરણ એ યજ્ઞનો મુખ્ય ઉદ્દેશ્ય છે. આમ ઉપયોગિતા એની પણ છે પણ વાસ્તવિકતા બીજી છે. વાયુ-શુદ્ધિકરણ નહિ પણ વાતાવરણનું નિર્માણ યજ્ઞનો મુખ્ય હેતુ છે. પવિત્ર વેદ મંત્રોના સસ્વર ઉચ્ચારણ, વિશ્વચેતનામાં પવિત્રતાનું તત્વ ભરનાર દિવ્ય કમ્પન ઉત્પન્ન કરે છે. સામાન્ય આગને યજ્ઞાગ્નિ, દેવઅગ્નિ બનાવવાનું કામ, અધ્વર્યુ ઉદ્ગાતા જેવા વિશિષ્ટ યાજકોની શ્રદ્ધા અને સંકલ્પ શક્તિ કરે છે. પવિત્ર હવન દ્રવ્યોના બળવાથી, ઉત્પન્ન થયેલ ઊર્જા (ગરમી)થી, સૂક્ષ્મ જગતમાં ઉપયોગી પરિવર્તન થાય છે. એક રૂપતા, સમસ્વરતા, સહક્રિયાની વિશિષ્ટ શક્તિ બધે સ્વીકારવામાં આવે છે. યજ્ઞમાં એવા અનેક આધારોના સંયોગ છે, જેનો એકત્રિત પ્રભાવ વાતાવરણમાં એવાં ઉપયોગી તત્વોનો સમાવેશ કરે છે, જે અદૃશ્ય રૂપથી વિશ્વ કલ્યાણની ભૂમિકા ઊભી કરી શકે.

આજે તો વાયુ પ્રદૂષણની સમસ્યા પર ચર્ચા થઇ રહી છે. અણુ વિકિરણ, અને હવામાં ઝેરી તત્વ વિશેના બૂમરાણ પરની પ્રતિક્રિયા પર જ ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે. તત્વવેત્તાઓને સૂક્ષ્મ વાતાવરણની ચિન્તા એથી પણ વધારે રહે છે. તેઓ જાણે છે કે વાતાવરણનો પ્રવાહ માનવીના તોફાનોથી પણ વધારે બળવાન હોય છે. સામાન્ય જન ચેતના આ પ્રવાહમાં આમતેમ વહેતી રહે છે. કોઇ સમય યુદ્ધનું ગાંડપણ શરૂ થાય છે તો દરેક આદમી લડાઇથી પ્રભાવિત થઈ જાય છે, ઉત્સાહી બની જાય છે. તો વળી કોઈ વાર વિલાસીતાની એવી લહેર આવી જાય છે કે બધે તેની જ બોલબાલા નજરે પડે છે. જાતજાતની ફેશન, અને વ્યસનનો પણ કોઈ વાર



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

એવો પ્રચાર થઇ જાય છે, એવું મોજું આવી જાય છે કે તેમાં જન-માનસ ઘસડાય જાય છે. આજકાલ વ્યક્તિવાદી સંકુચિતતા અને પ્રત્યક્ષવાદી ભૌતિકતાના રંગે બધા રંગાયેલા દેખાય છે. આ બાબતમાં વિચાર-વિવેકનો નહિ પણ વાતાવરણનો જ પ્રભાવ મુખ્ય છે. જર્મની અને રશિયામાં, થોડા સમય પહેલાં, ત્યાંના સત્તાધારી વડાઓએ પોતપોતાના દેશમાં પોતપોતાની રૂચિ પ્રમાણેનું વાતાવરણ બનાવ્યું હતું. લોક રૂચિ પણ તેવીજ બનતી ગઈ. સ્થૂળ પ્રયત્ન પ્રચાર, પ્રલોભન અને દબાણના આધાર પર પણ વાતાવરણ ઊભું કરી શકાય છે. પણ તેમાં શ્રેષ્ઠતાનું પ્રમાણ ઉમેરવા માટે આધ્યાત્મિક દરજ્જાના ઉપાય-ઉપચાર અજમાવવા પડે છે આ પ્રકારના પ્રયત્નોમાં યજ્ઞની શુરૂતા સર્વોપરિ માનવામાં આવી છે. તેનો પ્રત્યક્ષ પ્રભાવ લોક શિક્ષણ, આરોગ્ય-સંવર્ધન, વરસાદ વરસાવવો વગેરે રૂપમાં નજરે પડે છે. પરોક્ષ લાભ એથી પણ વધારે મહત્વનો છે. વાતાવરણની શુદ્ધિની મહત્તા જો કદી સમજી શકાય તો તેનું સામર્થ્ય અને ઉપયોગીતા એટલી ચઢિયાતી છે કે તેનું અનુમાન કરવું પણ મુશ્કેલ છે. પ્રત્યક્ષ પ્રયાસનું ફળ મર્યાદિત ક્ષેત્રમાં, સ્વરૂપ માત્રામાં અને અલ્પ-જીવી હોય છે. પણ જો કદી વાતાવરણ અનુકૂળ થઈ શકે તો બધું થોડી મહેનતથી જ સરળ અને સફળ થતું જાય છે. હવાની દિશામાં વહાણનું ચાલવું, વરસાદ પડતાં જ લીલોતરીનું ઉગી નાકળવું, વસંતમાં માદકતા પ્રસરવી, જેવાં સંખ્યાબંધ ઉદાહરણો, વાતાવરણના પડનાર પ્રભાવનો પરિચય આપે છે.

યુગની પરિસ્થિતિઓમાં પ્રત્યક્ષ કારણોનો સારો એવો હાથ હોય છે. સામયિક સમસ્યાઓના ઉપચાર ભૌતિક પ્રયત્નોથી પણ કરવામાં આવે છે. આટલું છતાં પણ એ માનવું પડશે કે સૂક્ષ્મ વાતાવરણનું પોતાનુ સામર્થ્ય હોય છે. અને તે ઠંડી અને ગરમીની જેમ દરેકને પ્રભાવિત કરે છે. તત્વવેત્તાઓ જાણે છે કે સદ્વૃત્તિ અને



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કુવૃત્તિઓ ક્યારેક ક્યારેક ચેપી રોગની પેઠે ફેલાય છે. ઘટાઓની જેમ છવાઇ જાય છે (ઘેરાઇ જાય છે) તોફાનોની જેમ ઉછળે છે અને લોકમાનસને પોતાની સાથે આમથી તેમ ઘસડી જાય છે. આવી પ્રચંડતા જ્યારે દુષ્પ્રવૃત્તિઓના રૂપમાં ફેલાય છે ત્યારે સામાન્ય ઉપાસક ઉપચાર તેને રોકવાને અસમર્થ નીવડે છે. નેતાઓના ઉદ્બોધન, કાનૂની પ્રતિબંધ, પરિસ્થિતિ સુધારવા માટે લેવામાં આવતા પ્રયત્નો ફત્તેહમંદ થતા નથી. અને વિકૃતિ ( વિકારી વાતાવરણ ) દિવસે બમણી તો રાતે ચારગણી ફેલાતી જાય છે. આજ પ્રકારે સત્પ્રવૃત્તિઓએ જોર પકડયું હોય છે ત્યારે કોઈ પણ પ્રકારના વિશેષ પ્રયત્ન કે તેને ઉત્તમ સ્તરે પહોંચાડવાની ગતિવિધિ કર્યા સિવાય પણ આવી સત્પ્રવૃત્તિઓ ફાલતી-ફૂલતી ઉત્તરોઉત્તર આગળ વધે છે. ભગવાન બુદ્ધના યુગમાં અને ગાંધી યુગમાં જે કંઈ અદ્ભૂત જોવા મળ્યું તેની પાછળ અદૃશ્ય વાતાવરણમાં કામ કરી રહેલ પ્રચંડ પ્રવાહોની જેટલી કલ્યાણકારી અસર હતી તેટલી માનવી પ્રયત્નની ન હતી.

યુગ નિર્માણ અભિયાનને અંતિમ લક્ષ્ય સુધી પહોંચાડવા માટે જ્યાં પ્રચારાત્મક, રચનાત્મક અને સુધારાત્મક ઉપાયો અજમાવવાના હશે અને સરંજામ ખડો કરવાનો હશે ત્યાં એ પણ ધ્યાનમાં રાખવું પડશે કે સૂક્ષ્મ જગતની અનુકૂળતા માટે પ્રયત્ન કરવા એ એથી પણ વિશેષ મહત્વપૂર્ણ કાર્ય છે. માત્ર ભૌતિક પ્રયત્નોથી જ અનિચ્છનિય વર્તમાન તોફાન રોકી શકવાનું કાર્ય મુશ્કેલ થઇ પડશે. આમ સુધારાનું કાર્ય કરવામાં શાસન તંત્ર પોતાના સામર્થ્ય પ્રમાણે ઘણું કરે છે. સાવજનિક સંસ્થાઓ અને સમર્થ વ્યક્તિઓના પોતાના પ્રયત્નો પણ ઠીક પ્રમાણમાં ઉત્સાહપૂર્ણ છે. પંચવર્ષીય યોજનાઓને જોતાં જ લાગે છે કે પ્રગતિ અને સમૃદ્ધિના દિવસો દૂર નથી. આટલું છતાં પણ સામેથી પરિણામ નિરાશાજનક આવે છે. કાયદો, પોલિસ, અદાલત, જેલ વગેરેના શક્તિશાળી અને



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ખર્ચાળ તંત્રો અપરાધોને રોકી શકવામાં સફળતા પ્રાપ્ત કરી શકતાં નથી. આ નિરાશાજનક ઘેરી છાયામાં વિવશ થઈ વિચાર કરવો પડે છે કે ક્યાંક કોઈ ઠેકાણે, પાયાની ખોટ રહી ગઇ છે, જેને કારણે શક્તિશાળી આટલાં મોટાં નિયોજન પણ, નિરાશાજનક પરિણામ ઉત્પન્ન કરી રહ્યાં છે.

આ ઠેકાણે ફરીવાર વાતાવરણની વાત જ આગળ તરી આવે છે અને સમજાય છે કે આને માટે પ્રચાર-તંત્ર-પ્રદર્શનો પર આધારિત આન્દોલનોથી જ સમસ્યાઓ હલ થઇ શકશે નહિ. આવી પ્રવૃત્તિઓની પણ, પાણીના પરપોટા જેવી દુર્ગતિ થતી, ડગલેને પગલે જોવા મળે છે. કાયમી ઉપાયના રૂપમાં, અધ્યાત્મ પર આધારિત, એવા ઉપચારો હાથ ધરવા પડશે કે જે સૂક્ષ્મ જગતમાં વિનમ્રતા અને સૃજનશીલતાના પ્રવાહ ઉત્પન્ન કરી શકે. એવા ઉપાયોમાં સામૂહિક ધર્માનુષ્ઠાનની બાબત નજર આગળ આવે છે. સામૂહિક ગાયત્રી મહાપુરશ્ચરણો જેવા પ્રયત્નો મોટા સ્વરૂપમાં કરવાની જરૂરિયાતનો અનુભવ થાય છે. આવા પ્રસંગે યજ્ઞનું વિજ્ઞાન અને વિધિ, પોતાની મહત્તા, વારંવાર યાદ આવે છે. યજ્ઞ અને ગાયત્રીનો એક બીજા સાથે પરસ્પર સંબંધ છે. બંને એક બીજા સાથે જોડાયેલ છે.અતૂટ છે ખાસ પ્રકારની પરિસ્થિતિમાં ખાસ પ્રકારના યજ્ઞની જરૂરીઆત સંભવી શકે છે, પરંતુ વાતાવરણની શુદ્ધિ જેવા મહાન અને વ્યાપક પ્રયાસ માટે તો ગાયત્રી યજ્ઞ સિવાય બીજું કંઈ વિચારી પણ ન શકાય.

પ્રાચીન કાળમાં પણ, આજનીજેમ, વાતાવરણ વિષમય થઇ જવાનાં અને દોષિત પ્રવૃત્તિઓના વિસ્તારમાં ભય છવાઈ જવાનાં સંકટ ઊભા થતાં. આવા સંકટ નિવારણ માટે ભૌતિક પ્રયત્ન પણ ચાલતા રહેતા પરંતુ આધ્યાત્મિક ઉપચારોને કદી ભૂલી જવાયા ન હતા. આ ક્ષેત્રના જાણકારોએ એવા સૂક્ષ્મ પ્રયત્ન પણ જારી રાખ્યા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જે વાતાવરણમાં અનુકૂળતા ઉત્પન્ન કરે અને ભૌતિક સુધારાના ઉપાયોની સફળતામાં પરોક્ષ રીતે અનુદાન આપે.

રાવણના સમયની અસુરતાના નિવારણ માટે યોગ્ય વાતાવરણ બનાવવા માટે ગાયત્રીના દૃષ્ટા મહર્ષિ વિશ્વામિત્રે સુવિસ્તૃત યજ્ઞ કર્યો હતો. તેની સફળતા અને સુરક્ષાની જવાબદારી ભગવાન રામ-લક્ષ્મણે લીધી હતી. તેઓ બન્નેએ ભૌતિક પ્રયત્નન રૂપમાં લંકા પર વિજય મેળવવાનું પરાક્રમ પણ કર્યું. આ સફળતાનું શ્રેય કોને મળ્યું. તે વાતનું મહત્વ નથી પણ આ પરિવર્તનમાં સૂક્ષ્મ પ્રયાસોનો ફાળો (યોગદાન) કેટલો રહ્યો તે વાતનું છે.

લંકા વિજય પછી પણ, તત્વવેત્તાઓએ જોયું કે હજુ પણ વાતાવરણ વિષમય છે અને વાદળાં ફરીથી ઘેરાય શકે એમ છે અને વરસી શકવાની શક્યતા છે. તેનું નિરાકરણ કરવા માટે, મહર્ષિ વશિષ્ઠના નેતૃત્વ હેઠળ, સપ્ત ઋષિઓના સહયોગથી, દશ અશ્વમેઘ યજ્ઞોની યોજનાની પરંપરા ચલાવી હતી. રામ અને લક્ષ્મણ એ દશ અશ્વમેઘ યજ્ઞના પણ યજમાન હતા. આ યજ્ઞોની યાદગીરીમાં ગંગા તટ પર દશાશ્વમેઘ ઘાટ બનાવ્યો છે. સૂક્ષ્મ વાતાવરણની પૂર્ણ શુદ્ધિના કાર્યને પણ લંકા વિજયના પરાક્રમનું પૂરક માનવામાં આવ્યું હતું. એને માટે પણ વિપુલ સાધન એકત્રિત કરવામાં આવ્યાં હતા.

ભગવાન કૃષ્ણને પણ આજ માર્ગ લેવો પડયો હતો. મહાભારતના યુદ્ધથી પ્રત્યક્ષ દુષ્ટતા તો સમી ગઈ હતી પણ સૂક્ષ્મ જગતમાં તેની હયાતિ ફરીથી બની રહી હતી. તેને જડમૂળમાંથી ઉખેડી નાખવાનું જરૂરી માનવામાં આવ્યું કૃષ્ણ ભગવાનના નેતૃત્વ હેઠળ પાંડવોએ રાજસૂય યજ્ઞનું સુવ્યવસ્થિત આયોજન કર્યું હતું. લંકા યુદ્ધ, મહાભારત જેવાં અશાંતિ ઉત્પન્ન કરવાવાળાં ઝેરીલાં કાર્યોની પણ પ્રતિક્રિયા હોય છે. અસંખ્યેના અરેરાટી ઉત્પન્ન



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કરે એવા ઉદ્દગાર અંતારક્ષમાં જના થાય છે અને તેનાથી અનેક પ્રકારના સંકટ ઉત્પન્ન થાય છે અને વિનાશના વાદળ ત્રાટકે છે. આ આપત્તિની નિવૃત્તિ માટે ઇતિહાસ પ્રસિદ્ધ યુદ્ધો ઉપરાંત, આત્મ વિજ્ઞાનીઓએ શોધનાત્મક ઉપાયોના રૂપમાં સામૂહિક ધર્માનુષ્ઠાન કર્યાં છે અને તેમાં યજ્ઞને મુખ્ય સાધન માનવામાં આવ્યું છે. પાછલાં સાઠ વર્ષોમાં બે વિનાશકારી વિશ્વ યુદ્ધ થઇ ચૂક્યાં છે. હંગરી, ઇઝરાઇલ, કોરિયા, વિયેટનામ જેવાં છૂટાં છવાયાં યુદ્ધો તો આની વચ્ચે કેટલાંય થઈ ચુક્યાં છે ભારતના ભાગલા પડયા તે સમયે થયેલ માનવ સંહાર અને જાપાન પર નાંખેલ અણુબોમ્બ જેવાં ઘાતકી કૃત્યો પણ આજ અરસામાં થતાં રહ્યાં છે. આ બધાંની સંયુક્ત ઝેરી અસર અત્યારે પણ વાતાવરણમાં છવાઇ રહેલી છે. પ્રદૂષણ અને યુદ્ધ માટે પડકાર બન્ને યુદ્ધનીજ ઉપજ છે. અને અંતરિક્ષ વિનાશની જમાવટ કરીને વાદળાં ઘેરાવા લાગે છે. આપણા સમયના અનેકાનેક સંકટોની પાછળ ઉપરોક્ત પ્રકારના ઝેરીલાપણાનો હાથ હોવાની વાત તત્વવેત્તાઓ કરે છે. આ કથનમાં સચ્ચાઇ પણ છે.

આવા સમયમાં ઐતિહાસિક પ્રયત્નોના પુનરાવર્તનની જરૂરીયાતનો અનુભવ થઇ રહ્યો છે અને એવા જ પ્રકારની પૂર્ણ શુદ્ધિની યોજના બની રહી હોય તો તે ઉચિત જ (યોગ્ય જ) માનવામાં આવશે. પ્રત્યક્ષ જગતમાં પથરાય ગયેલાં સંકટોના નિવારણની યોજના બનાવવાની રીત જ, અંતરિક્ષની પૂર્ણ શુદ્ધિ પર, ધ્યાન આપવા યોગ્ય છે. એને માટે સૂક્ષ્મ જગતને અસાધારણ રૂપથી પ્રભાવિત કરવાવાળી યજ્ઞ પરંપરાનો પ્રયોગ ચાલી રહ્યો હોય તે મહાન પંડિતોના માર્ગદર્શનનું અનુસરણ જ કહેવાશે. યુગ નિર્માણ યોજનાની દેખરેખ નીચે ચાલી રહેલી ગાયત્રી યજ્ઞોની પુણ્ય પ્રક્રિયાને એવા જ સામયિક પ્રયત્નોમાં ગણી શકાશે.

સારી રીતે ફેલાયેલી વિકૃતિઓના નિરાકરણનો એક માત્ર



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ઉપાય 'દમન' જ નથી. બીજો ઉપાય 'શમન' પણ છે. શમન અર્થાત સમજાવ્યે જવું અને સાવધાન કરતા જવું. 'દમન' માટે દંડના કાયદાનો આશ્રય લેવો પડે છે અને શમન માટે લોક શિક્ષણનો, જન જાગૃતિનો ઉપાય અજમાવવો પડે છે. સમાજના શક્તિશાળી તંત્ર બે જ છે, એક ધર્મ બીજું શાસન. બન્ને ક્ષેત્રોમાં જ યોગ્ય સમયાનુસાર પોતપોતાના ક્ષેત્રોના પ્રતિભાશાળી લોકોનું સમ્મેલન બોલાવવામાં આવતું હતું કે જે વિચાર વિનિમયના માધ્યમ દ્વારા એવા નિર્ણયો કરતું કે જે સુધારાની જરૂરીયાત પૂરી કરી શકે. આવાં આયોજનોને વિશિષ્ટ પ્રકારના યજ્ઞ કહેવામાં આવતા હતા. તેમાં ધર્મ ક્ષેત્રના આયોજનો બાજપેય યજ્ઞને નામે અને જ્ઞાન ક્ષેત્રના સંમેલનો રાજસૂય યજ્ઞોના નામે જાણીતા હતાં. જેમાં અશ્વમેધ યજ્ઞનું અગ્રસ્થાન હતું અને બાજપેય યજ્ઞોમાં ગાયત્રી યજ્ઞોનું. સામયિક સમસ્યાઓના સમાધાનમાં એનું અસાધારણ યોગદાન રહેતું હતું. આપણા ગાયત્રી યજ્ઞો સાથે જોડાયેલ યુગ નિર્માણ સંમેલનોના સંયુક્ત ધર્માનુષ્ઠાન એક પ્રકારે પ્રાચીન કાળની બાજપેય પરંપરાની અંતર્ગત જ આવે છે.

બદલાતાં પરિવર્તનને ક્રાંતિ–તોડફોડ કહે છે. એમાં ભાંગફોડિયો વિનાશક પક્ષ આગળ રહે છે. એ અસલી (મૌલિક) પક્ષ થયો આત્મિક પક્ષમાં સર્જનને અગ્રસ્થાને રાખવાનું હોય છે. કે જેથી વિનાશની જરૂરીયાત જ ન પડે. અંધકારને હટાવવા માટે પ્રકાશની વ્યવસ્થા કરવામાં આવે એ વધારે બુદ્ધિપૂર્ણ વાત છે. હાલમાં જે યુગ ક્રાન્તિ માટે ઉચ્ચ સ્તરે પ્રયાસો ચાલી રહ્યા છે., તેમાં ખરેખર તો રચનાત્મક કાર્યક્રમોનો સમાવેશ પણ થશે. પણ મુખ્યત્વે તેને વાતાવરણ પરિશોધનની સૂક્ષ્મ પ્રક્રિયા જ સમજવી જોઇએ. એમાં સર્જન મુખ્ય છે, ધ્વંસ (વિનાશ) ગૌણ હોય છે. રચનાત્મક સત્પ્રવૃત્તિઓનો સાપેક્ષિક સંબંધ જેટલા પ્રમાણમાં વધશે તેટલા પ્રમાણમાં



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

દુષ્પ્રવૃત્તિઓ ઘટશે. એમ માની લેવું જરૂરી નથી કે દુષ્પ્રવૃત્તિઓને તોડવાથી સત્પ્રવૃત્તિઓ વધશે જ. શૂન્ય અવકાશ પણ પેદા થઈ શકે છે. પણ રચનાત્મક કાર્યનું સત્પરિણામ નિશ્ચિત છે અને તથી વિઘાતક તત્વોનું સહજ રીતે નિરાકરણ થતું જશે અને યુગ ક્રાન્તિનો ઉદ્દેશ્ય પૂરો થતો ચાલશે.

ગાયત્રી યજ્ઞોની શ્રૃંખલામાં યુગ ક્રાન્તિના સ્થૂળ અને સૂક્ષ્મ સ્તરના આ બધાં તત્વોનો સમાવેશ થાય છે, જે લોક માનસને, વ્યાપક વાતાવરણને ઉચ્ચ ધોરણે લઈ જઇને ઉજ્જવળ ભવિષ્યની સુરચના કરી શકે છે.

ગાયત્રી યજ્ઞોમાં આ તથ્યને સૌથી વિશેષ મહત્વ આપવામાં આવે છે. આમ સામાન્ય રીતે દેવ પૂજનની પરંપરાને ગૌણ માનવામાં આવતી નથી. પૂજનમાં બધાં વિધાન યથાવત્ જ સંપન્ન કરવામાં આવે છે પરંતુ દેવોની કૃપા-અનુગ્રહ પ્રાપ્ત કરવા તેના ખોળામાં બેસીને વત્સલતા ગ્રહણ કરવાની જે કસોટી છે, તેનો ત્યાગ કરીને કોઇ પણ વ્યક્તિ દેવ કૃપાનો લાભ પ્રાપ્ત કરી શકતી નથી. રાજદરબારમાં જવા માટે ગંદા કપડાં પહેરીને જવાનું સંભવિત બની શકતું નથી, એજ રીતે વિકારી માનસ દૃષ્ટિવાળાને, દેવસાનિધ્ય પ્રાપ્ત કરવું, કદી સંભવિત બની શકતું નથી.

ગાયત્રી યજ્ઞમાં બોલાવવામાં આવેલ દેવશક્તિઓનો સત્કાર કરવા અને અનુગ્રહ મેળવવા દેવદક્ષિણાને જરૂરી માનવામાં આવેલ છે. દેવ-દક્ષિણાના બે પક્ષ છે. (૧) આપણા નિત્ય જીવન ક્રમમાં દાખલ થઇ ગયેલ અનૈતિકતાઓ, અવાંછનીયતાઓ માંથી કોઇકનો ત્યાગ કરવો. (૨) સત્કર્મ, સદ્જ્ઞાન અને સદ્ભાવ વધારનાર પ્રવૃત્તિઓમાંથી કોઇકને અપનાંવવી-વૃદ્ધિ કરવી. આ જાતના સંકલ્પનેજ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ધર્માનુષ્ઠાનનાં સફળ પૂર્ણાહુતિ માનવામાં આવે છે અને એનાથી ચોક્કસ સ્વરૂપથી દેવ અનુગ્રહ પ્રાપ્ત થાય છે.

પ્રસ્તુત ગાયત્રી યજ્ઞમાં સામેલ થનારાઓએ જે દૂષણ છોડવું છે અને જે સત્કર્મને અપનાવવું છે તેની સામાન્ય માહિતી નીચે આપવામાં આવી છે. છોડવાની અને અપનાવવાની બાબતનો પૂરો ઉલ્લેખ પોતાના હાથે લખીને કરવામાં આવે અને નીચે પોતાનું ઠેકાણું તથા વિવરણ લખવામાં આવે. પૂર્ણાહુતિના અવસર પર આ દેવદક્ષિણાને ગાયત્રી માતાના ચરણો પર પ્રસ્તુત કરવામાં આવે.

(૧) જે દુષણનો ત્યાગ કર્યો (૨) જે સત્કર્મ અપનાવ્યું (૩) દેવદક્ષિણા પ્રસ્તુત કરનાર (૪)પુરેપૂરૂં નામ (૫) પૂરૂં સરનામું (૬) ભણતર (શિક્ષણ) (૭) જન્મ તિથિ. (૮) વ્યવસાય (૯) જાતિગોત્ર.

## ત્યાગ કરવા લાયક દુષ્પ્રવૃત્તિઓ

(૧) ચોરી, બેઇમાની, છળ, નફાખોરી, હરામની કમાણી, મફતખોરી વગેરે અનીતિઓથી દૂર રહેવું, અનીતિથી ઉત્પન્ન કરેલ ધનનો ઉપયોગ ન કરવો. (૨) માંસાહાર તથા હત્યા કરેલાં પશુઓના—ચામડાનો ઉપયોગ બંધ કરવો. (૩) પશુ બલિદાન, અથવા બીજાને કષ્ટઆપીને પોતાનું ભલુ કરવાની પ્રવૃત્તિ છોડવી. (૪) વિવાહમાં વરપક્ષ દ્વારા દહેજ લેવું તથા કન્યા પક્ષ દ્વારા દહેજ દાગીના ચઢાવવાનો આગ્રહ ન કરવો (૫) વિવાહની ધામ-ધૂમમાં પૈસા બરબાદ ન કરવા. (૬) નશો (તંબાકુ. દારૂ, ભાંગ, ગાંજો, અફીણ વગેરે) ત્યાગવું (૭) અપશબ્દો, ગાળ વગેરે કટુ વચનનો ત્યાગ (૮) અન્નની બરબાદી અને જૂઠું છોડવાની આદત છોડવી. (૯) ન્યાત-જાતના આધારે ઉંચ-નીચ, છૂત અછૂત વગેરેમાં ન માનવું. (૧૦) ઓઝલ (પડદા) પ્રથાનો ત્યાગ, કોઇને ઓઝલ માટે વાંધો ન ઉઠાવવો, અને પડદો ત્યજવો. (૧૧) મહિલાઓ અને છોકરીઓની સાથે પુરૂષો અને છોકરાઓની સરખામણીમાં ભેદભાવ અગર પક્ષપાત ન કરવો.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## "અપનાવવા યોગ્ય સત્પ્રવૃત્તિઓ"

(૧) ઓછામાં ઓછી દશ મિનિટ નિત્ય નિયમિત ગાયત્રી ઉપાસના (૨) ઘરમાં પોતાનાથી મોટા વડીલને પ્રણામ કરવા. (૩) નાનાનું સન્માન કરવાનો ખ્યાલ રાખવો, તેને 'તું' થી સંબોધવું નહિ. (૪) પોતાના કાર્યો પ્રત્યે જાગૃત રહેવું તથા પૂરી શક્તિથી પાલન કરવું. (૫) મહેનતુપણાનો અભ્યાસ રાખવો, કોઈ કામને નાનું ન સમજવું. (૬) નિયમિત પણે અધ્યયન કરવુ—જીવનને સારી દિશા પ્રેરણા આપનાર સત્સાહિત્ય ઓછામાં ઓછો અડધો કલાક પોતે હમેશાં વાંચવું અગર સાંભળવું, (૭) ભારતીય સંસ્કૃતિનું પ્રતીક શીખા (ચોટી) અને યજ્ઞોપવિતનું મહત્વ સમજવું, તેને નિષ્ઠા પૂર્વક ધારણ કરવું, બીજાને પ્રેરણા આપવી. (૮) સાદું જીવન જીવવું, સાધારણ રીતે ભારતીય જીવનની રહેણી કરણીને અનુરૂપ વિચાર અને વર્તન રાખવું અને તેમાં ગૌરવ લેવું. (૯) જ્ઞાન-યજ્ઞ સારા વિચારના ફેલાવા માટે ઓછામાં ઓછા દશ પૈસા ધન અને એક કલાક દરરોજ સમય બચાવી યોગ્ય રીતે ઉપયોગ કરવો. (૧૦) કુટુંબમાં સામૂહિક ઉપાસના, પ્રાર્થના, આરતી, વગેરે ક્રમનો પ્રારંભ કરવો. (૧૧) દરેક વર્ષ પોતાનો જન્મદિવસ સામૂહિક સ્વરૂપમાં યજ્ઞીય વાતાવરણમાં મનાવવો અને જીવનની સાર્થકતા માટે નીતિ-નિયમવાળુ જીવન બનાવવું. (૧૨) સમાજ પ્રત્યે, પોતાની જવાબદારીઓ પ્રત્યે જાગૃત પણું સમાજમાં રચનાત્મક પ્રવૃત્તિઓ વધારવા માટે કરવામાં આવનાર સામૂહિક પ્રયાસોમાં ઉત્સાહપૂર્વક સહકાર આપવો.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# દૈનિક ઉપાસનામાં અગ્નિહોત્રનો સમાવેશ

ગાયત્રી ઉપાસનામાં યજ્ઞનો ઘનિષ્ઠ સંબંધ છે. શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે કે ગાયત્રી ઉપાસકે પોતાની સુવિધા અને સ્થિતિ અનુસાર હવન કરવો જોઈએ. સામાન્ય ઉપાસના ક્રમમાં તો હવનનો સમાવેશ કરવો જ તેને ઉત્તમ ફળદાયક કહેવામાં આવ્યું છે પણ અનુષ્ઠાનમાં તો તેની વિશેષ અનિવાર્યતા બતાવવામાં આવી છે. મોટા યજ્ઞોની હવન વિધિ ખૂબ વિસ્તૃત છે. આવા યજ્ઞો એકલાથી થઇ પણ શકતા નથી. તેને માટે વધારે સાધન અને સમય જોઈએ. એટલા માટે મોટા હવન સામૂહિક સ્વરૂપથી જ થઈ શકે છે. એવા મોટા યજ્ઞોની હવન વિધિ અલગ પુસ્તકમાં પ્રકાશિત કરવામાં આવી છે. પણ જેને નિત્ય હવન કરવો છે અથવા જેની પાસે બહુજ થોડો સમય હોય અથવા અનુષ્ઠાન વગેરેની પૂર્ણાહુતિ માટે જુદો, અગર એકલાએ જ હવન કરવો હોય, તેને માટે ટૂંકી હવન વિધિ નીચે આપવામાં આવી છે આ વિધિ રવિવાર, ગુરૂવાર અથવા કોઇ વિશેષ પર્વના ઉત્સવના દિવસે ઓછામાં ઓછી પાંચ વ્યક્તિ ભેગી મળીને પણ સામૂહિક રૂપથી સંપન્ન કરી શકે છે જેને વ્યક્તિગત અથવા પતિ-પત્ની ભેગાં જ હવન કરવો હોય તેમણે ઉપાસના પછી અગ્નિ સ્થાપન. અગ્નિ પ્રદીપન, સમીધાદાન, જળસિંચન, તથાં આજ્યાહુતિ કરીને જ ગાયત્રી મંત્રની સાથે ૨૪ આહુતિઓનો હવન કરી લેવો જોઇએ. હવન પછી સ્વિષ્ટકૃત હોમ, પૂર્ણાહુતિ, વસોધારા, આરતી, ઘૃત-અવઘ્રાણ તથા ભસ્મ ધારણ કર્યા બાદ શાન્તિપાઠ કરી લેવો યોગ્ય



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

છે. હવન વિધિ માટે જે મંત્ર આપવામાં આવ્યા છે તેની જુદી જ નોંધ કરી શકાય છે. એક દિવસના અભ્યાસથી આ મંત્ર મોઢે પણ કરી શકાય છે.

સામૂહિક હવન માટે બધા આગંતુક પરિજનોને સ્નાન વગેરેથી શુદ્ધ કરાવી વેદીની ત્રણ બાજુ ત્રણ ત્રણની સંખ્યામાં સાદી પલાંઠી વાળીને બેસવું જોઇએ. પૂર્ણ વેદી પર મંગળ કળશ, દીવો, ચોખા, નૈવેદ્ય, ફૂલ વગેરે રાખવામાં આવે છે. પૂજક વેદીની સન્મુખ અને ઘીની આહુતિને માટે યજમાન બેસે છે બાકી બધાંની આગળ નાની થાળીઓમાં હવન સામગ્રી, ઘી, દૂધ, મૂકી રાખવામાં આવે છે. પૂજન પવિત્રીકરણ વિધિથી શરૂ કરવું. હવનમાં ભાગ લેનાર બધા લોકો, શુદ્ધ ઉચ્ચારણ સાથે, મંત્ર એક સાથે બોલે, આગળ પાછળ નહિ, યજ્ઞમાં અનુશાસન સંપૂર્ણ રીતે પાળવામાં આવે.

(૧ પવિત્રીકરણ—

હાથમાં પાણી લઇ નીચેનો મંત્ર બોલી ( મસ્તક ) માથા પર તથા શરીર પર પાણી છાંટવું.

ૐ અપવિત્રઃ પવિત્રોવા સર્વાવસ્થાં ગતોઽપિવા ।
યઃ સ્મરેત્પુણ્ડરીકાક્ષં સ બાહ્યાભ્યંતરઃ શુચિઃ ॥

(૨) આચમન—

નીચે લખેલ મંત્રથી ત્રણવાર આચમન કરવું,

ૐ અમૃતોપસ્તરણમસિ સ્વાહા ॥૧॥
ૐ અમૃતાપિધાનમસિ સ્વાહા ॥૨॥
ૐ સત્યં યશઃ શ્રીર્મયિ શ્રીઃ શ્રયતાં સ્વાહા ॥૩॥

(૩) ચોટીને ગાંઠ વાળવી—

નીચેનો મંત્ર બોલીને ચોટી (ચોટલી) ને ગાંઠ બાંધવી.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ૐ ચિદ્રૂપિણી મહામાયે દિવ્ય તેજઃ સમન્વિતે ।
તિષ્ઠ દેવી શિખામધ્યે તેજો વૃદ્ધિમ્ કુરુષ્વમે ॥

(૪)પ્રાણાયામ મંત્ર—

નં.ચેનો મંત્ર બોલીને ઓછામાં ઓછો (કમમાં કમ) એક પ્રાણાયામ કરવો.

ૐ ભૂઃ ૐ ભુવઃ ૐ સ્વઃ ૐ મહઃ ૐ જનઃ ૐ તપઃ ૐ સત્યમ્ ।
ૐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાત્ ।

ૐ આપો જ્યોતી રસોઽમૃતં બ્રહ્મ ભૂર્ભુવઃ સ્વઃ ૐ ।

(૫) ન્યાસ—

પછી ડાબા હાથની હથેળીમાં થોડું જળ લઇ જમણા હાથની આંગળીઓથી નીચે લખેલ મંત્ર દ્વારા શરીરના જુદા જુદા અંગોને સ્પર્શ કરી એ ભાવના કરતા જવું કે મારાં તે બધાં અંગ પ્રત્યંગ શક્તિશાળી. પવિત્ર અને મહાતેજોમય બની રહ્યાં છે.

ૐ વાઙ્મે આસ્યેસ્તુ । (મુખે)
ૐ નસોર્મે પ્રાણોઽસ્તુ । (નાસિકાના બંને છિદ્રોએ)
અક્ષ્ણોર્મે ચક્ષુરસ્તુ । (બંને નેત્રોએ)
ૐ કર્ણયોર્મે શ્રોત્રમસ્તુ । (બંને કાનોને)
ૐ બાહ્વોર્મે બલમસ્તુ । (બંને બાહુઓને)
ૐ ઉર્વોર્મે ઓજોસ્તુ । (બંને જાંઘોને)

ૐ અરિષ્ટાનિમેઽઙ્ગાનિ તનુસ્તન્વા મે સહસન્તુ । બાકી રહેલું જળ શરીર પર છાંટવું.

(૬) પૃથ્વીપૂજન—

નીચે લખેલ મંત્ર બોલી પૃથ્વી પર જળ, ચોખા. પુષ્પ મૂકવાં



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ॐ પૃથ્વી ! ત્વયા ધૃતા લોકા દેવીત્વં વિષ્ણુના ધૃતા । ત્વં ચ ધારય માં દેવી પવિત્રં કુરૂ ચાસનમ્ ।

(૭) કલશ પૂજન—

ॐ કલશસ્ય મુખે વિષ્ણુઃ કંઠે રૂદ્રઃ સમાશ્રિતાઃ ।
મૂલે તત્ર સ્થિતો બ્રહ્મા મધ્યે માતૃગણાઃ સ્મૃતાઃ ॥૧॥

કુક્ષૌ તુ સાગરાઃ સર્વે સપ્ત દ્વીપાઃ વસુન્ધરાઃ ।
ઋગ્વેદો યજુર્વેદો સામવેદો હ્યથર્વણઃ ॥૨॥

અંગૈશ્ચ સહિતાઃ સર્વે કલશન્તુ સમાશ્રિતાઃ ।
અત્ર ગાયત્રી સાવિત્રી શાન્તિ પુષ્ટી કરી સદા ॥૩॥

ત્વયિ તિષ્ઠન્તિ ભૂતાનિ ત્વયિ પ્રાણાઃ પ્રતિષ્ઠિતાઃ ।
શિવઃ સ્વયં ત્વમેવાસિ વિષ્ણુસ્ત્વં ચ પ્રજાપતિઃ ॥૪॥

આદિત્યાઃ વસવો રૂદ્રાઃ વિશ્વે દેવાઃ સપૈતૃકાઃ ।
ત્વયિ તિષ્ઠન્તિ સર્વેઽપિ યતઃ કામફલપ્રદાઃ ॥૫॥

ત્વત્પ્રસાદાદિમં યજ્ઞં કર્તુમીહે જલોદ્ભવઃ ।
સાંન્નિધ્યં કુરૂમે દેવ પ્રસન્નો ભવ સર્વદા ॥૬॥

—દેવપૂજન—

ॐ ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુઃ ગુરુરેવ મહેશ્વરઃ ।
ગુરુઃ સાક્ષાત્ પરબ્રહ્મ તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥૧॥

અખંડ મંડલા કારં વ્યાપ્તં યેન ચરાચરમ્ ।
તત્પદં દર્શિતં યેન તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥૨॥

આયાતુ વરદે દેવિ અક્ષરે બ્રહ્મવાદિની ।
ગાયત્રિચ્છન્દસાં માતા બ્રહ્મયોનિર્નમોસ્તુ તે ॥૩॥

અભીપ્સિતાર્થસિદ્ધયર્થં પૂજિતો યઃ સુરાસુરૈઃ ।
સર્વવિઘ્નહરસ્તસ્મૈ ગણાધિપતયે નમઃ ॥૪॥



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સર્વમંગલમાંગલ્યે શિવેસર્વાર્થે સાધિકે ।
શરણ્યે ત્ર્યંબકે ગૌરી નારાયણિ નમોસ્તુતે ॥૫॥
શુક્લામ્બર ધરં દેવં શશિવર્ણં ચતુર્ભુજમ્ ।
પ્રસન્ન વદનં ધ્યાયેત્સર્વવિઘ્નોપશાન્તયે ॥૬॥
સર્વદા સર્વકાર્યેષુ નાસ્તિ તેષામમઙ્ગલમ્ ।
યેષાં હૃદિસ્થો ભગવાન્મંગલાયતનો હરિઃ ॥૭॥
વિનાયકં ગુરું ભાનું બ્રહ્માવિષ્ણુમહેશ્વરાન ।
સરસ્વતી પ્રણમ્યાદૌ શાંતિકાર્યાર્થસિદ્ધયે ॥૮॥
મંગલં ભગવાન્ વિષ્ણુ મંગલં ગરૂડધ્વજઃ ।
મંગલં પુણ્ડરીકાક્ષઃ મંગલાયતનો હરિઃ ॥૯॥
ત્વં વૈ ચતુર્મુખો બ્રહ્મા સત્યલોક પિતામહઃ ।
આગચ્છ મણ્ડલે ચાસ્મિન્ મમ સર્વાર્થસિદ્ધયે ॥૧૦॥
શાંતાકારં ભુજગશયનં પદ્મનાભં સુરેશ્વરમ્ ।
વિશ્વાધારં ગગનસદૃશં મેઘવર્ણં શુભાંગમ ॥
લક્ષ્મીકાન્તં કમલનયનં યોગિભિર્ધ્યાનગમ્યમ્ ।
વન્દે વિષ્ણું ભવભયહરં સર્વલોકૈકનાથમ્ ॥૧૧॥
વન્દે દેવમુમાપતિ સુરગુરું વન્દે જગત કારણમ્ ।
વન્દે પન્નગભૂષણં મૃગધરં વન્દે પશૂનામ્પતિમ્ ॥
વન્દે સૂર્ય શશાંકવહ્નિનયનં વન્દેમુકુન્દપ્રિયમ્ ।
વન્દે ભક્ત જનાશ્રયં ચ વરદં વન્દે શિવંશંકરમ્ ॥૧૨॥
ૐ ત્ર્યમ્બકં યજામહે સુગન્ધિમ્પુષ્ટિવર્ધનમ્ ।
ઉર્વારુકમિવ બન્ધનાન્મૃત્યોર્મુક્ષીય માઽમૃતાત્ ન ॥૧૩॥
દુર્ગે સ્મૃતા હરસિ ભીતિમશેષ જન્તોઃ ।
સ્વસ્થૈઃ સ્મૃતામતિમતીવ શુભાં દદાસિ ॥
દારિદ્રય દુઃખભયહારિણિ કા ત્વદન્યા ।
સર્વોપકારકરણાય સદાર્દ્રચિતા ॥૧૪॥



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

શુક્લાં બ્રહ્મવિચારસારપરમા માદ્યાં જગદ્વ્યાપિની ।
વીણા પુસ્તક ધારિણીમભયદાં જાડ્યાન્ધકારાપહામ ।।
હસ્તે સ્ફાટિક માલિકાં વિદધતીં પદ્માસને સંસ્થિતામ્ ।
વન્દે તાં પરમેશ્વરી ભગવતી બુદ્ધિ પ્રદાં શારદામ્ ।।૧૫।।
આર્દ્રાં પુષ્કરિણીં પુષ્ટિં સુવર્ણાં હેમમાલિનીમ ।
સૂર્યાં હિરણ્યમયીં લક્ષ્મીં જાતવેદોમ આવહે ।।૧૬।।
કાલિકાં તુ કલાતીતાં કલ્યાણ હૃદયાં શિવામ્ ।
કલ્યાણી જનનીં નિત્યં કલ્યાણીં પૂજયામ્યહમ્ ।।૧૭।।
વિષ્ણુ પાદાબ્જસમ્ભૂતે ગંગે ત્રિપથ ગામિની ।
ધર્મં-દ્રવેતિ વિખ્યાતે પાપં મે હર જાન્હવી ।।૧૮।।
પુષ્કરાદ્યાનિ તીર્થાનિ ગંગાદ્યાઃ સરિતસ્તથા ।
આગચ્છન્તુ પવિત્રાણિ પૂજાકાલે સદામમ ।।૧૯।।
બ્રહ્મામુરારિ સ્ત્રિપુરાન્તકારી ભાનુઃ શશી ભૂમિસુતોબુધશ્ચ ।
ગુરુશ્ચ શુક્રશનિ રાહુ કેતવઃ સર્વેગ્રહાઃ શાન્તિકરા ભવન્તુ ।
ગૌરી પદ્મા શચી મેધા સાવિત્રી વિજયા જયા ।
દેવસેના સ્વધા સ્વાહા માતરો લોકમાતરઃ ।।૨૧।।
હૃષ્ટિઃ પુષ્ટિસ્તથા તુષ્ટિરાત્મનઃ કુલ દેવતા ।
ગણેશેનાધિકાં હ્યેતા વૃદ્ધૌ પૂજ્યાશ્ચષોડશઃ ।।૨૨।।
કીર્તિર્લક્ષ્મીધૃતિર્મેધા સિધ્ધિઃ પ્રજ્ઞા સરસ્વતી ।
માંગલ્યેષુ પ્રપૂજ્યાશ્ચ સાપ્તૈતાદિવ્ય માતરઃ ।।૨૩।।
નાગપૃષ્ઠ સમારુઢં શૂલહસ્તં મહાબલમ્ ।
પાતાલ નાયકં દેવં વાસુદેવં નમામ્યહમ્ ।।૨૪।।
ક્ષેત્રપાલાન્નમસ્યામિ સર્વારિષ્ટનિવારકાન્ ।
અસ્ય યાગસ્ય સિદ્ધર્થં પૂજ્યારાધિતાન મયા ।।૨૫।।

સૌએ હાથ જોડી બધા દેવતાઓને નમસ્કાર કરવા.

ૐ સિદ્ધિ બુદ્ધિ સહિત શ્રીમન્મહાગણાધિપતયે નમઃ ।



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ॐ લક્ષ્મીનારાયણાભ્યાં નમઃ ।
ॐ ઉમા મહેશ્વરાભ્યાં નમઃ ।
ॐ વાણી હિરણ્ય ગર્ભાભ્ય.મ્ નમઃ ।
ॐ શચી પુરન્દરાભ્યામ્ નમઃ ।
ॐ માતૃ પિતૃચરણ કમલેભ્યો નમઃ ।
ॐ કુલદેવતાભ્યો નમઃ ।
ॐ ઇષ્ટદેવતાભ્યો નમઃ ।
ॐ ગ્રામદેવતાભ્યો નમઃ ।
ॐ સ્થાનદેવતાભ્યો નમઃ ।
ॐ વાસ્તુદેવતાભ્યો નમઃ ।
ॐ સર્વેભ્યો દેવેભ્યો નમઃ ।
ॐ સર્વેભ્યો બ્રાહ્મણેભ્યો નમઃ ।
ॐ સર્વેભ્યો તીર્થેભ્યો નમઃ ।
ॐ એતત્કર્મ પ્રધાન શ્રી ગાયત્રી દેવ્યૈ નમઃ ।

ॐ પુણ્યં પુણ્યાહં દીર્ઘમાયુરસ્તુ ।

## (૯) ષોડશોપચાર પૂજન—

બધાં દેવી દેવતાઓનું એકી સાથે (એક તંત્રેણ) પૂજન કરવા માટે ક્રમશઃ વસ્તુઓ તરભાણામાં મૂકવી.

ॐ સર્વેભ્યો દેવેભ્યો નમઃ । આવાહ્યામિ સ્થાપયામિ ॥૧॥

| | | |
|---|---|---|
| આસનં | સમર્પયામિ | ॥૨॥ |
| પાદ્યં | સમર્પયામિ | ॥૩॥ |
| અર્ઘ્યં | સમર્પયામિ | ॥૪॥ |
| આચમનમ્ | સમર્પયામિ | ॥૫॥ |
| સ્નાનમ્ | સમર્પયામિ | ॥૬॥ |
| વસ્ત્રમ્ | સમર્પયામિ | ॥૭॥ |



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

| | | |
|---|---|---|
| યજ્ઞોપવિતમ્ | સમર્પયામિ | ॥૮॥ |
| ગન્ધમ્ | સમર્પયામિ | ॥૯॥ |
| પુષ્પાણિ | સમર્પયામિ | ॥૧૦॥ |
| ધૂપમ્ | સમર્પયામિ | ॥૧૧॥ |
| દીપમ્ | સમર્પયામિ | ॥૧૨॥ |
| નૈવેદ્યં | સમર્પયામિ | ॥૧૩॥ |
| અક્ષતાન્ | સમર્પયામિ | ॥૧૪॥ |
| તામ્બુલપુંગી ફલાની સમર્પયામિ | | ॥૧૫॥ |
| દક્ષિણાં | સમર્પયામિ | ॥૧૬॥ |
| સર્વાભાવે અક્ષતાન્ સમર્પયામિ | | ॥૧૭॥ |

તતો નમસ્કારમ્ કરોમિ ।
નમઃ સર્વહિતાર્થાય જગદાધાર હેતવે ।
સાષ્ટાંગોડયં પ્રણામસ્તે પ્રયત્નેન મયાકૃતઃ ।
નમોસ્ત્વનન્તાય સહસ્ત્રમૂર્તયે સહસ્ત્ર પાદાક્ષિશિરોરૂબાહવે ।
સહસ્ત્ર નામ્ને પુરૂષાય શાશ્વતે સહસ્ત્ર કોટિ યુગધારણે નમઃ ।

—ચન્દન લગાવવાનો મંત્ર—

ૐ ચન્દનસ્ય મહત્પુણ્યં પવિત્રં પાપનાશનમ્ ।
આપદાં હરતે નિત્યં લક્ષ્મીસ્તિષ્ઠતિ સર્વદા ॥

### (૧૦) સ્વસ્તિ વાચનમ્—

હાથમાં જળ, પુષ્પ, ચોખા લઈ સ્વસ્તિ વાચન બોલવું. એ શુભ કાર્યોની સફળતા, શાંતિ, સાથ કતા અને મં લમય કાર્યો વખતે કલ્યાણકારક મંત્ર છે

ૐ ગણાનાં ત્વા ગણપતિ ઁ હવામહે પ્રિયાણાં ત્વા પ્રિયપતિ ઁ હવામહે નિધીનાં ત્વા નિધિપતિ ઁ હવામહે વસોમમ આહમજાનિ ગર્ભધમાત્વમજાસિ ગર્ભધમ્ ।.૧॥



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ૐ સ્વ.સ્ત નઃ ઈન્દ્રો વૃદ્ધશ્રવાઃ સ્વસ્તિનઃ પૂષા વિશ્વે દેવાઃ । સ્વસ્તિનસ્તાક્ષ્યેોઽરિષ્ટનેમિઃ સ્વસ્તિનો બ્રહસ્પતિર્દધાતુ ।।૨।।

ૐ પયઃ પૃથિવ્યાં પયઽઔષધીષુ પયોદિવ્યન્તરિક્ષેપયોધાઃ પયસ્વતીઃ પ્રદિશઃ સન્તુ મહ્યમ્ ।।૩।।

ૐ વિષ્ણોઃ રરાટ્ મસિ વિષ્ણોઃ શ્નપ્ત્રેસ્થોઃ વિષ્ણોઃ સ્યૂરસિ વિષ્ણોર્ધ્રુવોઽસિ વૈષ્ણવમસિ વિષ્ણવે ત્વા ।।૪।।

અગ્નિર્દેવતા, વાતો દેવતા, સૂર્યો દેવતા, ચન્દ્રમા દેવતા, વસવો દેવતા, રુદ્રો દેવતા, આદિત્યા દેવતા, મરુતો દેવતા, વિશ્વેદેવા દેવતા, બૃહસ્પતિર્દેવતેન્દ્રો દેવતા, વરૂણો દેવતા ।।૫।।

ૐ દ્યૌઃ શાન્તિરન્તરિક્ષ ઁ શાન્તિઃ પૃથિવિ શાન્તિરાપઃ શાન્તિરોષધયઃ શાન્તિઃ વનસ્પતયઃ શાન્તિર્વિશ્વે દેવાઃ શાન્તિ બ્રહ્મ શાન્તિઃ સર્વં ઁ શાન્તિઃ શાન્તિરેવ શાન્તિઃ સામા શાન્તિરેધિ ।।૬।।

ૐ વિશ્વાનિદેવ સવિતુર્દુરિતાનિ પરાસુવ યદ્ભદ્રં તન્ન આ સુવ ।।૭।।

ૐ શાન્તિઃ ! શાન્તિ !! શાન્તિ !!!

## (૧૧) રક્ષાવિધાનમ્—

આત્મ રક્ષા અને યજ્ઞ કાર્યની રક્ષા માટે રક્ષા વિધાન કરવું પડે છે. યજ્ઞ કાય માં આસુરી શક્તિઓ ઘણું કરીને વિઘ્ન ફેલાવે છે. પૂર્વકાળમાં પણ રાક્ષસો યજ્ઞને હાનિ કરવા પ્રયત્ન કરતા. શુભ કાર્યોમાં કોઇને કોઇ વિઘ્ન આવે છે. તેની રક્ષા માટે રક્ષા વિધાન કરવું પડે છે. જવ, સરસવ કે ચોખા લઇ નીચેનો મંત્ર બોલી દશે દિશાઓમાં ફેંકવા.

ૐ પૂર્વે રક્ષતુ વારાહઃ આગ્નેયાં ગરૂડધ્વજઃ ।
દક્ષિણે પદ્મનાભસ્તુ નૈઋત્યાં મધુસૂદનઃ ।।૧।।
પશ્ચિમે ચૈવ ગોવિંદો વાયવ્યાં તુ જનાર્દનઃ ।
ઉત્તરે શ્રીપતિ રક્ષેદૈશાન્યાં હિ મહેશ્વરઃ ।।૨।।



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ઉર્ધ્વં રક્ષતુ ધાતા વો હ્યધોઽનન્તશ્ચ રક્ષતુ ।
અનુક્તમપિ યત્ સ્થાનં રક્ષત્વીશો મમાદ્રિધૃક ॥૩॥
અપસર્પન્તુ યે ભૂતાઃ યે ભૂતાઃ ભુવિ સંસ્થિતાઃ ।
યે ભૂતા વિઘ્ન કર્તારસ્તે ગચ્છન્તુ શિવાજ્ઞયા ॥૪॥
અપક્રામંતુ ભૂતાની પિશાચાઃ સર્વતોદિશમ્ ।
સર્વેષામ વિરોધેન યજ્ઞકર્મ સમારંભે ॥૫॥

**(૧૨) અગ્નિ સ્થાપનમ્—**

પછી કોઈ પાત્ર અથવા ચમચીમાં અગ્નિ લાવી અથવા કપૂર પ્રગટાવી નીચે લખેલ મંત્ર બોલી. શ્રદ્ધા અને ભકિત સાથે હવનકુંડમાં

**અગ્નિ સ્થાપિત કરવો :—**

ॐ ભૂર્ભુવઃ સ્વર્દ્યૌરિવ ભૂમ્ના પૃથિવીવવરિમ્ણા । તસ્યાસ્તે પૃથિવિ દેવયજની પૃષ્ઠેઽગ્નિમન્નાદમન્નાદ્યાયાદધે. અગ્નિ દૂતં પુરોદધે હવ્યવાહમુપબ્રુવે દેવાંઽઆસાદયાદિહ ॐ અગ્નયે નમઃ । અગ્નિં આવાહયામિ સ્થાપયામિ ઈહાગચ્છ ઇહતિષ્ઠ । ઇત્યાવાહ્ય પંચોપચારૈઃ પૂજયેત્ ।

**(૧૩) ગાયત્રી સ્તવન—**

યન્મંડલં દીપ્તિકરં વિશાલમ્,
રત્નપ્રભમ્ તીવ્રમનાદિરૂપમ્ ।
દ્રારિદ્રયદુઃખક્ષય કારણં ચ,
પુનાતુ માં તત્સવિતુર્વરેણ્યમ્ ॥૧॥
યન્મંડલં દેવગણૈઃ સુપૂજિતમ્,
વિપ્રૈઃ સ્તુતં માનવમુક્તિકોવિદમ્ ।
તં દેવદેવં પ્રણમામિ ભર્ગં,
પુનાતુ માં તત્સવિતુર્વરેણ્યમ્ ॥૨॥



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

યન્મંડલં જ્ઞાન ઘનત્વ ગમ્યં,
ત્રૈલોક્ય પૂજ્યં ત્રિગુણાત્મરૂપમ્ ।
સમસ્ત તેજોમય દિવ્ય રૂપં,
પુનાતુ માં તત્સવિતુર્વરેણ્યમ્ ॥૩॥
યન્મંડલં ગૂઢયતિ પ્રબોધમ્,
ધર્મસ્ય વૃદ્ધિં કુરુતે જંનાનામ્ ।
તત્ સર્વ પાપક્ષય કારણં ચ,
પુનાતુ માં તત્સવિતુર્વરેણ્યમ્ ॥૪॥
યન્મંડલં વ્યાધિ વિનાશદક્ષમ્,
યદૃગ યજુઃ સામસુ સંપ્રગીતમ્ ।
પ્રકાશિતં યેન ચ ભૂ ર્ભુવઃ સ્વઃ,
પુનાતુ મા તત્સવિતુર્વરેણ્યમ્ ॥૫॥
યન્મંડલં વેદવિદો વદન્તિ,
ગાયન્તિ યચ્ચારણ સિદ્ધ સંઘાઃ ।
યદ્યોગિનો યોગજુષાં ચ સંઘાઃ,
પુનાતુ માં તત્સવિતુર્વરેણ્યમ્ ॥૬॥
યન્મંડલં સર્વ જનેષુ પૂજિતં,
જ્યોતિશ્ચ કુર્યાદિહ મર્ત્યલોકે ।
યત્કાલ કાલાદિ મનાદિ રૂપમ,
પુનાતુ માં તત્સવિતુર્વરેણ્યમ્ ॥૭॥
યન્મંડલં વિષ્ણુ ચતુર્મુખાસ્યં,
યદક્ષરં પાપહરં જનાનામ્ ।
યત્કાલ કલ્પક્ષય કારણં ચ,
પુનાતુ માં તત્સવિતુર્વરેણ્યમ્ ॥૮॥
યન્મંડલં વિશ્વ સૃજા પ્રસિદ્ધમ્
ઉત્પત્તિરક્ષા પ્રલય પ્રગલ્ભમ્ ।
યસ્મિન જગત્ સંહરતેઽખિલં ચ,
પુનાતુ માં તત્સવિતુર્વરેણ્યમ્ ॥૯॥



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

યન્મંડલં સર્વગતસ્ય વિષ્ણો,
આત્મા પરં ધામ વિશુદ્ધ તત્વમ્ ।
સૂક્ષ્માતિગૈર્યોગપથાનુગમ્યં,
પુનાતુ માં તત્સવિતુર્વરેણ્યમ્ ॥૧ ॥

યન્મંડલં બ્રહ્મવિદો વદન્તિ,
ગાયન્તિ યચ્ચારણ સિદ્ધસંઘાઃ ।
યન્મંડલં વેદવિદઃ સ્મરન્તિઃ,
પુનાતુ માં તત્સવિતુર્વરેણ્યમ્ ॥૧૧॥

યન્મંડલં વેદ વિદોપગીતં,
યદ્યોગિનાં યોગપથાનુગમ્યમ્ ।
તત્સર્વવેદં પ્રણમામિ દિવ્યં,
પુનાતુ માં તત્સવિતુર્વરેણ્યમ્ ॥૧૨॥

## (૧૪) અગ્નિ પ્રદીપનમ્—

પછી અગ્નિ પર નાના લાકડાં અને કપૂર રાખી નીચેનો મંત્ર બોલીને પંખાથી અગ્નિ પ્રદીપ્ત કરવો.

ૐ ઉદ્બુધ્યસ્વાગ્ને પ્રતિ જાગૃહિ ત્વમિષ્ટા પૂર્તે સ ઇ સૃજેથા-મયં ચ અસ્મિન્ત્સધસ્થે અધ્યુત્તરસ્મિન્ વિશ્વેદેવા યજમાનશ્ચ સીદત ।

## (૧૫) સમિધાધાનમ્—

પછી નીચેના ચાર મંત્રોથી આઠ આઠ આંગળની પલાશ વગેરેની ચાર સમિધાઓ પ્રત્યેક મંત્રના ઉચ્ચારણબાદ, એક પછી એક ઘીમાં બોળીને અગ્નિમાં હોમવી :—

(૧) ૐ અયન્ત ઇદમ આત્મા જાતવેદસ્તેનેધ્યસ્વ વર્ધસ્વ । ચેદ્ધવર્ધય ચાસ્માન્ પ્રજયા પશુભિર્બ્રહ્મવર્ચસે નાન્નાદ્યેન સમેધય સ્વાહા ॥ ઇદમગ્નયે જાતવેદસે ઇદં ન મમ ॥



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

(૨) ૐ સમિધાગ્નિં દુવસ્યત ઘૃતૈર્બોધયતાતિથિમ્ અસ્મિન્ હવ્યા જુહોતન સ્વાહા । ઇદમગ્નયે ઇદં ન મમ !

(૩) ૐ સુસમિદ્ધાય શોચિષે ઘૃતં તીવ્રં જુહોતન । અગ્નયે જાતવેદસે સ્વાહા । ઇદમગ્નયે જાતવેદસે ઇદં ન મમ ।

(૪) ૐ તં ત્વા સમિદ્ભિરંગિરો ઘૃતેન વર્ધયામસિ । બૃહચ્છોચા યવિષ્ઠ્ય સ્વાહા । ઇદમગ્નયે અંગિરસે ઇદં ન મમ ।

## (૧૬) જલપ્રસેચનમ્—

પછી અંજલિ (આચમની) માં પાણી લઇ તેને યજ્ઞકુંડ (વેદી) ની પૂર્વ દિશા આદિ ચારે તરફ નાખવું

ૐ અદિતેઽનુમન્યસ્વ ।। ઇતિ પૂર્વે

ૐ અનુમતેઽનુમન્યસ્વ ।। ઇતિ પશ્ચિમે

ૐ સરસ્વત્યનુમન્યસ્વ ।। ઇતિ ઉત્તરે

ૐ દેવસવિતા પ્રસુવઃ યજ્ઞ પ્રસુવ યજ્ઞપતિમ્ ભગાય દિવ્યો ગન્ધર્વઃ કેતપુઃ કેતં નઃ પુનાતુ વાચસ્પતિર્વાજં નઃ સ્વદતુ ।

આ મંત્રથી યજ્ઞકુંડ (વેદી) ની ચારે તરફ જળ છાંટવું.

## (૧૭) આજ્યાહુતિ હોમ--

મોટા હવનોમાં તો બધા આવાહિત અને પ્રતિષ્ઠાપિત દેવતાઓને આહુતિઓ આપવામાં આવે છે, પણ નાના હવનમાં કેવળ સાત આહુતિઓ ઘીની આપે છે અને સ્રુવામાંથી બચેલું ઘી ઇદં ન મમ ઉચ્ચારણની સાથે પ્રણીતામાં દરેક આહુતિ પછી ટપકાવવામાં આવે છે અને આ ટપકાવેલ ઘી અંતમાં અવઘ્રાણમાં કામ આવે છે

(૧) ૐ પ્રજાપતયે સ્વાહા । ઇદં પ્રજાપતયે ઇદં ન મમ ।

(૨) ૐ ઇન્દ્રાય સ્વાહા । ઇદામિન્દ્રાય ઇદં ન મમ ।

(૩) ૐ અગ્નયે સ્વાહા । ઇદમગ્નયે ઇદં ન મમ ।

(૪) ૐ સોમાય સ્વાહા । ઇદં સોમાય ઇદં ન મમ ।

(૫) ૐ ભૂઃ સ્વાહા । ઇદમગ્નયે ઇદં ન મમ ।



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

(૬) ૐ ભુવઃ સ્વાહા । ઇદં વાયવે ઇદં ન મમ ।
(૭) ૐ સ્વઃ સ્વાહા । ઇદં સૂર્યાય ઇદં ન મમ ।

તે પછી ગાયત્રી મંત્રની જેટલી આહુતિઓ આપવી હોય તેટલી આપવી અને દરેક ગાયત્રી મંત્ર બાદ ઇદં ગાયત્ર્યૈ ઇદં ન મમ । એમ બોલવું.

મંત્ર—ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યમ્ ભર્ગો દેવસ્ય
ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાત્ સ્વાહા ।
ઇદં ગાયત્ર્યૈ, ઇદં ન મમ ।

## (૧૮) સ્વિષ્ટકૃત હોમ—

દરેક કર્મ બરાબર રીતે કરવું જોઇએ, ત્યારે ફળદાયક થાય છે. પણ મનુષ્યથી ત્રુટિ કે અશુદ્ધિ થઈ જવી સ્વાભાવિક છે. એટલે આ આહુતિ તે ત્રુટિ કે અશુદ્ધિની પૂર્તિના પ્રાયશ્ચિત રૂપે છે. નક્કી કરેલ સંખ્યામાં ગાયત્રી મંત્રની આહુતિ પૂરી થયા બાદ મિઠાઈ, ખીર, હલવો, શીરો વગેરે વસ્તુઓથી આહુતિ આપવી જોઇએ.

ૐ યદસ્ય કર્મણોઽત્યરીરિચં યદ્વાન્યૂનમિહાકરં । અગ્નિષ્ટત્ સ્વિષ્ટકૃદ્વિદ્યાત્સર્વં સ્વિષ્ટં સુહુતં કરોતુ મે । અગ્નયે સ્વિષ્ટકૃતે સુહુતહુતે સર્વ પ્રાયશ્ચિત્તાહુતીનાં કામાનાં સમર્ધયિત્રે સર્વાન્નઃ કામાન્ સમર્ધય સ્વાહા । ઇદમગ્નયે સ્વિષ્ટકૃતે ઇદં ન મમ ।।

## (૧૯) પૂર્ણાહુતિ—

સ્રુવામાં સોપારી કે શ્રીફળ ઘી સાથે રાખી પૂર્ણાહુતિ દેવી.

ૐ પૂર્ણમદઃ પૂર્ણમિદં પૂર્ણાત્ પૂર્ણમુદચ્યતે ।
પૂર્ણસ્ય પૂર્ણમાદાય પૂર્ણમેવાવશિષ્યતે ।।૧।।
ૐ પૂર્ણા દર્વિ પરાપત સુપૂર્ણા પુનરાપત ।।૨।।
વસ્નેવ વિક્રીણા વહાઽઇસમૂર્જં ઌ શતક્રતો સ્વાહા ।।૩।।
ૐ સર્વં વૈ પૂર્ણં ઌ સ્વાહા ।

## વસોધરા મંત્ર—

સ્રુવામાં ઘી ભરી મંત્ર પુરો બોલાઇ રહે ત્યાં સુધી ઘીની ધાર કરવી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ॐ વસોઃ પવિત્રમસિ શતધારં વસોઃ પવિત્રમસિ સહસ્ર ધારમ્ । દેવસ્ત્વા સવિતા પુનાતુ વસોઃ પવિત્રેણ શતધારેણ સુપ્ત્વા કામધુક્ષઃ સ્વાહા ॥

(૨૦) આરતી--

ત્યાર પછી નીચે પ્રમાણેનો મંત્ર બોલી આરતી ઉતારવી.

ॐ યં બ્રહ્મ વેદાન્તવિદો વદન્તિ,
પરમં પ્રધાનં પુરૂષસ્તથાન્યે !
વિશ્વોદ્ગતે કારણમીશ્વરંવા,
તસ્મૈ નમો વિઘ્ન વિનાશનાય ॥

ॐ યં બ્રહ્મા વરૂણેન્દ્રરૂદ્રમરૂતઃ સ્તુન્વન્તિ દિવ્યૈઃ સ્તવૈઃ ।
વેદૈઃ સાંગપદક્રમોપનિષદૈર્ગાયન્તિ યં સામગાઃ ॥
ધ્યાનાવસ્થિત તદ્ગતેન મનસા પશ્યન્તિ યં યોગિનો ।
યસ્યાન્તં ન વિદુઃ સુરાસુરગણાઃ દેવાય તસ્મૈ નમઃ ॥

(૨૧) ઘૃત અવઘ્રાણ—

પ્રણીતામાં 'ઇદં ન મમ' વાળા ટપકાવેલ ઘીને હથેળીમાં લગાડી અગ્નિ પર તપાવી નીચેનો મંત્ર બોલી રહ્યા પછી તેને સુંઘી ગાયત્રી મંત્ર બોલતાં મુખ, નેત્ર, કાન આદિ પર લગાડવું.

મન્ત્ર—

ॐ તનૂપા અગ્નેસિ તન્વ મે પાહિ ।
ॐ આયુર્દા અગ્નેઽસ્યાયુર્મે દેહિ ।
ॐ વર્ચોદા અગ્નેસિ વર્ચો મે દેહિ ।
ॐ અગ્ને યન્મે તન્વા ઉનન્તન્મ આપૃણ ।
ॐ મેધાં મે દેવ સવિતા આદધાતુ ।
ॐ મેધાં મે દેવી સરસ્વતી આદધાતુ ।
ॐ મેધાં મે અશ્વિનૌ દેવાં વાધતાં પુષ્કર સ્રજૌ ।

(૨૨) ભસ્મ ધારણ—

સ્રુવાથી યજ્ઞ ભસ્મ લઈ અનામિકા આંગળીથી નીચેના મંત્રો દ્વારા લલાટે, ગળે, બંને ખભે તથા હૃદય પર લગાવવી.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ॐ त्र्यायुषं जमदग्नेरिति ललाटे ।
ॐ कश्यपस्य त्र्यायुषमिति ग्रीवायाम् ।
ॐ यद्देवेषु त्र्यायुषमिति दक्षिण बाहु मूले ।
ॐ तन्नो अस्तु त्र्यायुषमिति हृदये ।

(२३) क्षमा प्रार्थना—

आवाहनं न जानामि नैव जानामि पूजनम ।
विसर्जनं न जानामि क्षमस्व परमेश्वर ॥१॥
मन्त्रहीनं क्रियाहीनं भक्तिहीनं सुरेश्वर ।
यत्पूजितं मयादेव परिपूर्णं तदस्तु मे ॥२॥
यदक्षर पदभ्रष्टं मात्राहीनं च यद्भवेत ।
तत्सर्वं क्षम्यतां देव प्रसीद परमेश्वर ॥३॥
यस्य स्मृत्या च नामोक्त्या तपोयज्ञक्रियादिषु ।
न्यूनं संपूर्णतां याति सद्यो वन्दे तमच्युतम् ॥४॥
प्रमादात्कुर्वतां कर्म प्रच्यवेताध्वरेषु यत् ।
स्मरणादेव तद्विष्णोः सम्पूर्णः स्यादिति श्रुति ॥५॥

(२४) સાષ્ટાંગ નમસ્કાર

યજ્ઞ ભગવાનને ઘૂંટણવાળી નમીને સાષ્ટાંગ પ્રણામ કરવા તથા નીચેનો મંત્ર બોલવો.

नमोऽस्त्वनन्ताय सहस्रमूर्तये सहस्रपादाक्षिशिरोरुबाहवे ।
सहस्रनाम्ने पुरुषाय शाश्वते सहस्रकोटियुगधारिणे नमः ॥
नमो ब्रह्मण्यदेवाय गो ब्राह्मणहिताय च ।
जगद्धिताय कृष्णाय गोविन्दाय नमोनमः ॥
वसुदेव सुतं देवं कंस चाणुरमर्दनम् ।
देवकी परमानन्दम् कृष्णं वन्दे जगद्गुरुम ॥

(२५) શુભ કામના

પછી બધા પ્રાણીઓના કલ્યાણાર્થે યજ્ઞ ભગવાનને હાથ જોડી શુભ કામના કરવી.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સ્વસ્તિ પ્રજાભ્યઃ પરિપાલયન્તાં ન્યાયેન માર્ગેણ મહીં મહીશા ।
ગૌબ્રાહ્મણેભ્યો શુભમસ્તુ નિત્યં, લોકાઃ સમસ્તાઃ સુખીનો ભવન્તુ ॥૧॥

સર્વે ભવન્તુ સુખિનઃ સર્વે સન્તુ નિરામયાઃ ।
સર્વે ભદ્રાણિ પશ્યન્તુ મા કશ્ચિદ્દુઃખમાપ્નુયાત્ ॥૨॥
અપુત્રાઃ પુત્રિણઃ સન્તુ પુત્રિણઃ સન્તુ પૌત્રિણઃ ।
નિર્ધનાઃ સધનાઃ સન્તુ જીવન્તુ શરદાં શતમ્ ॥૩॥
શ્રદ્ધાં મેધાં યશઃ પ્રજ્ઞાં વિદ્યાં પુષ્ટિં શ્રિયમ બલમ્ ।
તેજ આયુષ્યમારોગ્યં દેહિ મે હવ્યવાહન ॥૪॥

## (૨૬) અભિસિંચનમ્—

અભિષેક સમયે સપરિવાર યજમાનો પર આચાર્યે નીચે લખેલા મંત્રથી રૂદ્ર કલશના જલથી પંચપલ્લવ અથવા પુષ્પથી અભિષેક ( જલસિંચન ) કરવું

ૐ દ્યોઃ શાન્તિરન્તરિક્ષ ઁ શાન્તિઃ પૃથિવી શાંતિરાપઃ શાંતિ-રૌષધયઃ શાંતિઃ વનસ્પતયઃ શાંતિર્વિશ્વે દેવાઃ શાંતિર્બ્રહ્મ શાંતિઃ સર્વં ઁ શાંતિઃ શાંતિરેવ શાંતિઃ સામા શાન્તિરેધિઃ ॥

ૐ શાન્તિઃ । શાન્તિઃ । શાન્તિઃ ॥ સર્વારિષ્ટ સુશાન્તિર્ભવતુ ॥

## (૨૭) ગાયત્રીજીની આરતી—

જયતિ જય ગાયત્રી માતા । જયતિ જય ગાયત્રી માતા ॥
આદિ શક્તિ તુમ અલખ નિરંજન જગ પાલન કર્તી ॥
દુઃખ શોક ભય કલેશ કલહ દરિદ્રય દૈન્યહર્તી ॥
બ્રહ્મરૂપિણી, પ્રણત પાલિની, જગદ્ધાતૃ અમ્બે ॥
ભવભયહારી, જનહિતકારી, સુખદા જગદંબે ॥
ભયહારિણી, ભવતારિણી, અનઘે, અજ આનંદ રાશિ ॥
અવિકારી, અઘહારી, અવિચલિત, અમલે, અવિનાશી ॥
કામધેનુ સત્ચિત્ આનન્દા જય ગંગા ગીતા ॥
સવિતા કી શાશ્વતી શક્તિ તુમ સાવિત્રી સીતા ॥



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ઋગ્, યજુ, સામ, અથર્વ પ્રણયિ ની પ્રણવ મહામહિમે ॥
કુણ્ડલિની સહસ્રાર સુષુમ્ના શોભા ગુણ ગરિમે ॥
સ્વાહા, સ્વધા, શચી, બ્રહ્માણી, રાધા, રુદ્રાણિ ॥
જય સતરૂપા, વાણી, વિદ્યા, કમલા, કલ્યાણી ॥
જનની હમ હૈં દીન હીન, દુઃખ દારિદ્ર કે ઘેરે ॥
યદપિ કુટિલ કપટી કપૂત તઊ બાલક હૈં તેરે ॥
સ્નેહસની કરુણામયિ માતા ચરણ શરણ દીજૈ ॥
બિલખ રહે હમ શિશુ સુત તેરે દયા દૃષ્ટિ કીજૈ ॥
કામ, ક્રોધ, મદ, લોભ, દમ્ભ, દુર્ભાવ, દ્વેષ હરિયે ॥
શુદ્ધ બુદ્ધિ નિષ્પાપ હૃદય મનકો પવિત્ર કરિયે ॥
તુમ સમર્થ સબ ભાંતિ તારિણિ, તુષ્ટિ, પુષ્ટિ, ત્રાતા ॥
સત મારગ પર હમેં ચલાઓ જો હૈ સુખ દાતા ॥
જયતિ જય ગાયત્રી માતા । જયતિ જય ગાયત્રી માતા ॥

(૨૮) યજ્ઞનો મહિમા—

યજ્ઞ રૂપ પ્રભો હમારે ભાવ ઉજ્જવલ કીજિયે ।
છોડ દેવેં છલ કપટકો, માનસિક બલ દીજિયે ॥
વેદ કી બોલેં ઋચાએં, સત્ય કો ધારણ કરેં ।
હર્ષ મેં હોં મગ્ન સારે, શોક સાગર સે તરેં ॥
અશ્વમેધાદિક રચાયેં, યજ્ઞ પર ઉપકાર કો ।
ધર્મ મર્યાદા ચલાકર, લાભ દેં સંસાર કો ॥
નિત્ય શ્રદ્ધા-ભક્તિ સે યજ્ઞાદિ હમ કરતે રહેં ।
રોગ પીડિત વિશ્વ કે સન્તાપ સબ હરતે રહેં ॥
કામના મિટ જાયેં મનસે, પાપ અત્યાચાર કી ।
ભાવનાયેં પૂર્ણ હોવેં, યજ્ઞ સે નર-નારિ કી ॥
લાભકારી હો હવન, હર જીવધારી કે લિયે ।
વાયુ જલ સર્વત્ર હો, શુભ ગન્ધ કો ધારણ કિયે ॥
સ્વાર્થ ભાવ મિટે હમારા, પ્રેમ પથ વિસ્તાર હો ।
'ઇદં ન મમ' કા સાર્થક પ્રત્યેક મેં વ્યવહાર હો ॥



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

હાથ જોડ ઝુકાયે મસ્તક વન્દના હમ કર રહે ।
નાથ કરૂણા રૂપ વરૂણા આપકી સબ પર રહે ।।

(૨૯) અર્ઘ્યદાન--

પુરશ્ચરણથી બચેલા જળનો સૂર્યની સામે અર્ઘ્ય આપવો જોઇએ નીચે લખેલ મંત્રથી સૂર્યને અર્ઘ્ય આપવો :—

ૐ સૂર્ય દેવઃ સહસ્ત્રાંશો તેજો રાશે જગત્પતે ।
અનુકમ્પાય માં ભક્ત્યા ગૃહણાર્ઘ્યં દિવાકર ।।
ૐ સૂર્યાય નમઃ, ભાસ્કરાય નમઃ, આદિત્યાય નમઃ ।

(૩૦) પ્રદક્ષિણા--

યજ્ઞને અંતે બધાએ ઉભા થઈ જમણેથી ડાબી બાજુ યજ્ઞની ચાર પરિક્રમા કરવી. બધાએ હાથ જોડીને પ્રાર્થના બોલવી. :—

યાનિ કાનિ ચ પાપાનિ જ્ઞાતાજ્ઞાત કૃતાનિ ચ ।
તાનિ સર્વાણિ નશ્યન્તિ પ્રદક્ષિણાયાં પદે-પદે ।।

(૩૧) વિસર્જનમ્ -

ગચ્છત્વં ભગવનગ્ને સર્વસ્થાને કુંડ મધ્યતઃ ।
હુતમાદાય દેવેભ્યઃ શીઘ્રં દેહિ પ્રસીદ મે । ૧।।
ગચ્છ ગચ્છ સુરશ્રેષ્ઠ સ્વસ્થાને પરમેશ્વરઃ ।
યત્ર બ્રહ્માદયોઃ દેવાસ્તત્ર ગચ્છ હુતાશન ।।૨।।
યાન્તુ દેવગણાઃ સર્વે પૂજામાદાય મામકીમ્ ।
ઇષ્ટ કામ સમુદ્ધયર્થં પુનરાગમનાય ચ ।।૩।।

યજ્ઞ સમાપ્ત થઇ ગયા બાદ દેવ પ્રસાદ તરીકે પતાસાં, સકકરિયા, ચણા વગેરે સુવિધાનુસાર જે કંઈ પણ પ્રાપ્ત થઈ શકે એવું હોય તે પ્રસાદ તરીકે વહેંચવાની પરંપરા જાળવવી જોઇએ કંઈ ન મળે તો દૂધ, સાકર તથા તુલસીના પાન મેળવી પંચામૃત બનાવીને વહેંચવું જોઇએ. પ્રસાદ વહેંચતા પહેલાં 'જયઘોષ' પણ કરવો.

જયઘોષ—

(૧) ગાયત્રી માતાની જય હો.
(૨) યજ્ઞ ભગવાનની જય હો.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

[૩] વેદ ભગવાનની જય હો.
[૪] સત્ય સનાતન ધર્મની જય હો.
[૫] ભારતીય સંસ્કૃતિની જય હો.
[૬] ભારત માતાની જય હો.
[૭] સદ્ગુરૂદેવની જય હો.
[૮] અમારો યુગ નિર્માણ સત્સંકલ્પ પૂર્ણ હો. (૩ વાર બોલવું)
[૯] અમારી યુગ નિર્માણ યોજના સફળ હો. (૩ વાર બોલવું)

## જાણકારી

(૧) હવન માટે યોગ્ય સમિધાઓ, આંબો, પીપળો, ઉંમરો (ગૂલર) ખાખરો, વડ.

(૨) હવન માટે યોગ્ય હોમવાનું અનાજઃ-જવ ૧ ભાગ, ચાવલ (ચોખા) ૨ ભાગ, તલ ૩ ભાગ, સાકર ૪ ભાગ.

(૩) હવન સામગ્રી—ચન્દન, અગર, તગર, ગુગળ, જાયફળ, જાવંત્રી તજ લવિંગ, મોટી એલચી [ ઇલચચી ] ઈન્દ્રજવ, કપૂરકોચલી, આંમળા, બાલછડ, નાગકેશર, ગળો, કેશર, બાવચી, બ્રાહ્મી, પુષ્કરમૂળ, મજીઠ, ખસ, ગોખરૂ શતાવરી, દેવદાર, મોચરસ, લાલચન્દન.

(૪) હવનને યોગ્ય મેવો :–બદામ, દ્રાક્ષ, અખરોટ, સૂકુ કોપરૂં ખજૂર.

(૫) હવન માટે જરૂરી સાધનો :–પ્રણીતા, પ્રોક્ષણી, સ્રુવા, સ્રુવા

ઉપરોક્ત સામગ્રી "ધર્મ તંત્ર સે લોક શિક્ષણ" નામના પુસ્તકમાંથી ટૂંકમાં નોંધ કરવામાં આવી છે જેને વધાર જણકારી મેળવવી હોય તેણે ઉપરોક્ત પુસ્તક પ્રાપ્ત કરી વાંચી માહિતી મેળવી લેવી અથવા બ્રહ્મવર્ચસ શાંતિકુંજ હરિદ્વાર આવીને યજ્ઞ વિદ્યાનું ક્રિયાત્મક શિક્ષણ મેળવી શકે છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ગાયત્રી વિદ્યા અને યજ્ઞ વિજ્ઞાનનો અન્યોન્યાશ્રિત સંબંધ

ગાયત્રી અને યજ્ઞનું યુગલ (જોડું) છે. એકને ભારતીય સંસ્કૃતિની જનેતા અને બીજાને ભારતીય ધર્મના પિતા કહેવામાં આવ્યા છે. બન્ને પરસ્પર એક બીજા પર આધારીત માનવામાં આવ્યા છે. ગાયત્રી જપનું અનુષ્ઠાન, યજ્ઞના સંયોગ વગર, પૂર્ણ થઈ શકતું નથી. 'જપ'નું એક અંગ હવન પણ કરવો એમ થાય છે. પુરાણ સમયની સગવડતાવાળી સ્થિતિમાં જપના દશમા ભાગ (દશાંશ) નો હવન થતો હતો. હવે સમયાનુસાર સોમા (શતાંશ) ભાગની આહુતિઓની વ્યવસ્થા થઈ છે. આના વગર અનુષ્ઠાન પૂર્ણ માનવામાં આવતું નથી. મતલબકે અનુષ્ઠાન અધૂરૂં ગણાય છે. જેમની પાસે સાધન નથી તેમને માટે વિશેષ માર્ગ એ કાઢવામાં આવ્યો છે કે જપ કરનાર જપની સંખ્યાનો દશાંશ ભાગ અલગ (નોખા) જપ કરી લે અને આને (આ પદ્ધતિને) યજ્ઞને સ્થાને પૂર્તિ માની લેવામાં આવે. આ જાતના વિકલ્પની સમજદારીમાં યજ્ઞની અવગણના નહીં બલ્કે અનિવાર્યતા બતાવવામાં આવી છે, ભલે ને તે યોગ્ય (સાચા) તપથી સિદ્ધ ન થઈ શકી હોય અને અપવાદની રીતે જ વધારાના જપના રૂપમાં કેમ અપનાવવામાં આવી ન હોય,



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જનક અને યાજ્ઞવલ્કયનો સંવાદ સાધન ન મળી શકવાના સંદર્ભમાં થયો છે. જનક મુશ્કેલીઓ બતાવતા રહ્યા છે અને યાજ્ઞવલ્કય તેને માટે મુશ્કેલી (આપત્તિ) ના સમય માટે સલાહ સૂચન બતાવતાં અનિવાર્યતા પર જ જોર લગાવતા રહ્યા છે. જનક પૂછે છે કે જો હવનની દ્રવ્ય સામગ્રી ન મળી શકે તો શું કરે ? જવાબમાં કહેવામાં આવ્યું છે કે હમેશાં ખાવાના અન્નથી કામ ચલાવી લે. અન્ન પણ ન હોય તો ? વનસ્પતિથી કામ ચલાવી લે, વનસ્પતિ પણ ન મળી શકે તો ? માત્ર યજ્ઞના ઈંધણથી જ હવન કરી લેવામાં આવે. અગ્નિ જ ન મળે તો ? શ્રદ્ધારૂપી અગ્નિમાં ધ્યાન ભાવનાની સામગ્રી હોમીને માનસિક હવન પૂરો કરવો. આ છે ઉપરોક્ત સંવાદનો ટૂંક સાર.

આથી સાબિત કરવામાં આવ્યું છે કે ગાયત્રી જપની સાથે યજ્ઞ કર્મની પણ અનિવાર્ય આવશ્યકતા છે. અનુષ્ઠાનોમાં તો બન્નેને પરસ્પર સંબંધ છે જ. ગાયત્રી જપનો દૈનિક નિત્ય કર્મમાં સમાવેશ કરવાની સામાન્ય ધર્મ વ્યવસ્થામાં "દૈનિક પંચયજ્ઞો" ને પણ એ જ રીતનું આવશ્યક કર્મ બતાવવામાં આવ્યું છે. બધા જાણે છે કે ઉપાસના વિધિમાં બલિ (ભોગ) વૈશ્વ વિધિ પણ જોડાયેલી છે જેનો અર્થ "સંક્ષિપ્ત હવન" થાય છે. મુશ્કેલીના દિવસોમાં આ બલિવૈશ્વ એટલો ટૂંકાવી નાખવામાં આવ્યો હતો કે સ્ત્રીઓ ચૂલામાંથી અગ્નિ કાઢીને તેના પર પ્રથમ સેકેલી રોટલીના પાંચ ટૂકડા પાંચ વાર ગાયત્રી મંત્ર બોલીને હવન કરી લેતી હતી. નિષ્ઠાવાન ઉપાસક પણ આમજ કરતા હતા, તેઓ ભોજન સમયે સામે પિરસેલા ભોજનના પાંચ નાના કોળિયાં પાસે અગ્નિ મંગાવી હવન કરી લેતા હતા. આજ પણ આ પ્રથા જ્યાં-ત્યાં જીવંત છે. યુગ નિર્માણ મિશન દ્વારા આ ટુંકી પરંપરાને પુનર્જીવન્ત કરવાનો પ્રયત્ન થઈ રહ્યો છે.

ભારતીય પરંપરાના રિવાજ બાબત આપણા તત્વદર્શી ઋષિઓએ બુદ્ધિમત્તા, સૂક્ષ્મ-દૃષ્ટિ, ઉપયોગિતા અને સા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સ્થિતિનો ડગલે પગલે ખ્યાલ રાખીને જ કદમ ઉઠાવ્યાં છે. ધર્મકાર્યમાં યજ્ઞને પ્રાથમિકતા આપીને પણ તેમણે એ તથ્યોને ધ્યાનમાં રાખ્યાં છે. બીનઉપયોગી રિવાજ તેઓ કરી શકતા ન હતા. પ્રધાનતા આપવાના ક્રમની બાબતમાં પણ તેમણે કોઇ કાર્યની પ્રતિક્રિયા અને ઉપલબ્ધિને જ ધ્યાનમાં રાખ્યાં છે. યજ્ઞને ધર્મકાર્યમાં પ્રધાનતા મળવામાં પણ તેની ભૌતિક અને આત્મિક ઉપલબ્ધિઓને જ ધ્યાનમાં રાખવામાં આવી છે.

શાસ્ત્રોમાંભગવાનનું એક નામ 'યજ્ઞ-પુરૂષ" પણ છે. શતપથની "યજ્ઞો વૈ વિષ્ણુ" શ્રુતિમાં યજ્ઞને નિશ્ચિત રૂપથી વિષ્ણુ જ માન્યા છે "વૈ" શબ્દમાં એ માન્યતા પર જોર આપવામાં આવ્યું છે અને નિશ્ચિત સ્વરૂપથી કહેવામાં આવ્યું છે. ઋગ્વેદના આરંભમાં યજ્ઞને માર્ગદર્શન-પુરોહિત સદ્ગુરૂ બતાવવામાં આવ્યા છે. ભજન કરવાવાળાને 'દેવ' સંજ્ઞા આપીને આ ક્રિયાની પ્રતિક્રિયાને રત્ન રાશિની ઉપમા આપવામાં આવી છે. વેદ સાહિત્યમાં જેટલો પ્રકાશ યજ્ઞ વિદ્યા પર પાડવામાં આવ્યો છે. અને યજ્ઞ અગ્નિનું જેટલું મહાત્મ્ય બતાવવામાં આવ્યું છે. તેટલું બીજા કશાનું નહિ. 'અગ્ને નય સુપથા રાય.........।" ઋચામાં આ સર્વ સમર્થ શક્તિને સન્માર્ગ પર ઘસડી લઇ જવાની અભ્યર્થના છે. ગાયત્રી મંત્રના 'ધિયો યોનઃ પ્રચોદયાત્" ભાગનો આજ અભિપ્રાય છે.

સામાન્ય જીવનના પરંપરાગત (વંશપરંપરાથી ચાલી આવેલા) ધર્મ કાર્યોમાં યજ્ઞ કાર્યને અખંડ (અતૂટ) રૂપથી જોડવામાં આવ્યું છે. જન્મથી મરણ સુધી સોળ (૧૬) સંસ્કારોનું વિધાન છે. આ બધાં (સોળે સોળ) યજ્ઞ પરક છે. યજ્ઞ વગર એમાંથી એક પણ સંસ્કાર પૂર્ણ થઈ શકતો નથી. યજ્ઞોપવિતનું તો નામ જ યજ્ઞની પ્રધાનતાનો બોધ કરાવનારૂં છે. ગાયત્રીની ભાવના અને યજ્ઞ ક્રિયાના

www.awgp.org | www.akhandjyoti.org


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સંયુક્ત (ભેગા) રૂપજ યજ્ઞોપવીત છે. એ ઉપરાંત વિવાહ સંસ્કારમાં સ્થાપવામાં આવતી લગ્નની ચોરી અને તેની પરિક્રમા, એક મોટા યજ્ઞ સ્વરૂપ મૃતદેહને બાળવાની ચિતા, વાર્ષિક યજ્ઞ સ્વરૂપે ઉજવતો હોળીનો ઉત્સવ, દેવદેવીની પૂજામાં થતી હવન ક્રિયા, હવન સામગ્રી અને ઘીની આહુતિના પ્રતીક સ્વરૂપે નાનામાંનાની પૂજા વિધિમાં સળગાવવામાં આવતી મીણબત્તી કે અગરબત્તીની પ્રથા વગેરે બધાં એક યા બીજા સ્વરૂપે યજ્ઞના પ્રતીક માનવામાં આવ્યાં છે. આ બધાં યજ્ઞની મહત્તા બતાવે છે, ભલે સ્વરૂપ ગમે તે હોય તથ્ય તથ્ય જ છે. પ્રત્યુત્તર માટે ઉંડા ઉતરી તારતમ્ય કાઢતાં ખુલ્લાં થતાં રહસ્યો પરથી ખાત્રી થાય છે કે આ રિવાજની પાછળ પુરા જ્ઞાન અને વિજ્ઞાનનો સમાવેશ કરવામાં આવ્યો છે. વ્યક્તિ અને સમાજની આત્મિક અને ભૌતિક પ્રગતિના સિદ્ધાંતોનું પ્રશિક્ષણ યજ્ઞ પ્રક્રિયાંના માધ્યમથી સરસ રીતે કરવામાં આવ્યું છે.

યજ્ઞનો ભાવાર્થ છે—પરમાર્થ--ઉદાર કૃત્ય યજ્ઞ શબ્દના ત્રણ અર્થ થાય છે. (૧) દેવત્વ એટલે શુદ્ધ વ્યક્તિત્વ દૈવી સદ્ગુણ. (૨) સંગઠન એટલે એકતા અને (૩) દાન એટલે સમાજપરાયણતા, વિશ્વકૌટુંબિકતા, ઉદાર સહૃદયતા. આ ત્રણે વ્યક્તિ અને સમાજના ઉત્કર્ષની દિવ્ય ધારાઓ (પ્રવાહ) છે અને "યજ્ઞ" તેનું પ્રતિનિધિત્વ કરે છે. યજ્ઞ ને વિવધ સમજની જ્વલંત પ્રતિમા ધવલ (ધોળી) ધજા, જ્ઞાન યજ્ઞની લાલ મશાલને યજ્ઞના અગ્નિનો પ્રતિનિધિ અને વિચાર ક્રાંતિને, દૈવી અવતારને ગાયત્રીની પ્રાણ પ્રતિષ્ઠા કહી શકાય છે. યજ્ઞ અભિયાનમાં શુભભાવનાઓને શુભ કાર્યમાં બદલવાની પ્રેરણા છે. સત્ કર્મ રૂપી તપ અને સદ્જ્ઞાન રૂપી યોગ એ માત્ર આત્મિક જ નહિ પણ ભૌતિક પ્રગતિના પણ આધાર અને મુખ્ય સાધન માન્યાં છે. એમાં ગાયત્રી અને યજ્ઞના સિદ્ધાંતોની ઝાંખી થતી જોવા મળે છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

યજ્ઞમાંથી બાકી વધેલું ખાનાર સર્વ પાપથી છુટી જાય છે. જે ફક્ત પોતા માટે જ બનાવે છે તે પાપ ખાય છે.

આ યજ્ઞ ભાવના જ, સંસારની પરસ્પર સહકારી ભાવનાને કાયમ રાખી રહે છે. એને ત્યાગીને તો મનુષ્ય શેતાન બની જાય છે અને હિંસક પશુઓની જેમ એક બીજાને લૂંટી ખાવા તૂટી પડે છે. આવી સ્થિતિમાં તો માનવ જાતિનો તથા સંસારનો વિનાશ જ સંભવી શકે છે.

આ સંસારનો જ નહિ સમગ્ર લોકો, નક્ષત્ર મંડળો, બ્રહ્માંડો, અણુ પરમાણુઓનો કાર્યક્રમ પણ પરસ્પર સહકાર, ત્યાગ અને આદાન-પ્રદાનથી જ ચાલી રહ્યો છે. આ ભાવનાએ જ બધાને પરસ્પર જોડી રાખ્યા છે. વેદ પણ આ જ તથ્યનું પ્રતિપાદન કરે છે.

# સૂક્ષ્મ જગત અને જનમાનસની પૂર્ણ શુદ્ધિ ગાયત્રી યજ્ઞોથી

મનુષ્ય વ્યક્તિગત જીવનમાં પવિત્ર અને સામાજિક જીવનમાં ઉદાર બનીને રહે એ યજ્ઞની જ્ઞાન બાજુ છે. સામૂહિકતા, જાગૃતપણું અનુશાસન જેવી સત્પ્રવૃત્તિઓનો અભ્યાસ વધારે અને વાતાવરણ બનાવી રાખે એ યજ્ઞની વિજ્ઞાન બાજુ છે. આ બન્ને બાજુઓનું સાચા અર્થમાં અમલીકરણ થાય-અમલમાં મૂકવામાં આવે તો વ્યક્તિ અને સમાજની સર્વતોમુખી પ્રગતિના દ્વાર જરૂર ખુલી જાય.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ઉપરોક્ત પાંચ યજ્ઞાગ્નિ પ્રેરણાઓની, જો કદી ભાવભરી-બુદ્ધિ સંગત વ્યાખ્યા કરવામાં આવી શકે તો તેમાં વ્યક્તિ અને સમાજના વિભિન્ન પક્ષો પર, લાગુ હોવાવાળા કેટલાય પંચશીલના સિદ્ધાંતો સાથે, સારી રીતે તાલમેલ બેસી જાય છે. યુગ પરિવર્તન માટે, ઉજ્જવળ ભવિષ્યની સુરચના માટે જનમાનસમાં આ જ આદર્શોની સ્થાપના થઈ શકે છે.

કહેવાય છે કે યજ્ઞ (યજન) કરીને દેવતાઓએ દેવત્વ અને નર-પશુઓએ બ્રાહ્મણત્વ પ્રાપ્ત કર્યું. બ્રાહ્મણના છ કર્મોમાંથી ત્રીજા ભાગના કર્મોનો યજ્ઞ કરવો અને કરાવવામાં સમાવેશ થઈ જાય છે. ઉપરોક્ત સમજનાં, પવિત્રતા અને પ્રખરતા જે યજ્ઞ કાયનો પ્રાણ અને વિશ્વ શાંતિનો આધાર છે, એવા તથ્યોની પરોક્ષરૂપથી મહત્તા બતાવી છે. વ્યક્તિ અને સમજનો, પ્રકૃતિ અને સૃષ્ટિનો બધો ક્રમ યજ્ઞ ચક્રની ધરી પર જ પરિભ્રમણ કરી રહ્યો છે. યજ્ઞ પ્રત્યેની સહકારી દૃષ્ટિ (ફિલસુફી) જ ચોમેર સજીવતા, સુવ્યવસ્થા, પ્રગતિશીલતા, અને સુખ શાંતિની પરિસ્થિતિ બનાવી રાખે છે. શરીરના અવયવો એક બીજા સાથે ઘનિષ્ઠ સહયોગ કરે છે ત્યારેજ જીવન રથ ચાલે છે. જો કદી એમાં સંકુચિત સ્વાર્થીપણું ઘુસી જાય, પોત પોતાની ચિંતા પર ઉતરી પડે અને સહકાર તરફ બેદરકારી બતાવે તો જીવન યાત્રા એક દિવસ પણ ચાલી શકે નહિ. જળચક્ર તો બીલકુલ સ્પષ્ટ છે. સમુદ્ર મારફત વાદળને, વાદળ ધરતીને, ધરતી નદીઓને અને નદીઓ મારફત સમુદ્રને પાણી મળે છે. આથીજ પ્રાણીઓની તરસ મટે છે અને હરિયાળી જીવે છે. આ જળચક્રમાં કોઈક પણ ઠેકાણે વિચ્છેદ પડશે તો ધરતી તવાની પેઠે બળવા લાગશે. પ્રાણી-ચક્રમાં વનસ્પતિને પ્રાણી ખાય છે. પ્રાણીઓના મળમૂત્રથી વનસ્પતિને ખોરાક મળે છે. વૃક્ષોમાંથી છૂટો પડેલ ઓક્સિજન પ્રાણીઓનો ખોરાક છે—પ્રાણીઓએ બહાર કાઢેલ કાર્બન પર


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ઝાડોનું જીવન નિર્ભર છે. પશુ અને મનુષ્ય વચ્ચે પણ આવોજ ઉદાર સહકાર છે. આ જ યજ્ઞ પ્રવૃત્તિ છે. એની મદદથી વિશ્વચક્ર ફરે છે. એને અપનાવીને મનુષ્યને સામાન્ય પ્રાણીઓથી વધારે ઉચ્ચ કક્ષાએ પહોંચવાનો અવસર મળે છે. આ આદર્શોની ઉપેક્ષા (અવગણના) થવા લાગે છે ત્યારે સંસારમાં અસંખ્ય સંકટ ઉભાં થાય છે. આ પ્રવૃત્તિઓને સારી રીતે અપનાવવાથી પ્રત્યેક સમસ્યાનો સરળ ઉકેલ નીકળી આવે છે. માનવ કલ્યાણ અને યજ્ઞના આદર્શોને એકજ તથ્યના બે પક્ષ કહી શકાય છે. આ ઉપરથી ગીતાકારે કહ્યું છે કે પ્રજાપતિએ યજ્ઞ અને મનુષ્યને સાથે સાથે પેદા કર્યા અને કહ્યું કે બન્ને વચ્ચે ઘનિષ્ઠ (ગાઢ) સંબંધ રહેશે તો સુખ શાંતિની ખોટ વર્તાશે નહિ. વિશ્વ કલ્યાણના આ મહાન સિદ્ધાંતને યજ્ઞ તત્વજ્ઞાન કહ્યું છે અને તેનું લોક શિક્ષણ આપવાને માટે અગ્નિહોત્રને સેવાના પ્રતીક રૂપમાં પ્રમુખ ધર્મ કૃત્યનું સન્માન આપવામાં આવ્યું છે.

યજ્ઞનું ભૌતિક વિજ્ઞાન પણ છે. વાયુ શોધનની દુર્ગંધને સુગંધમાં પલટાવવાની—પ્રક્રિયા મનુષ્યના સૌથી મોટી ખોરાક, પ્રાણવાયુનું શુદ્ધિકરણમાં મહત્વપૂર્ણ યોગદાન કરે છે. આજે જ્યારે વાયુ પ્રદુષણની સમસ્યા વિશ્વ સંકટનું રૂપ ધારણ કરી રહી છે તો શુદ્ધિ કરણનું મુખ્ય હથિયાર યજ્ઞના ઉપયોગ (ઉપચાર) ને ફરીથી પ્રખર સાધન બનાવવું પડશે.

રોગ-કીટાણુઓને મારવાની જેટલી શક્તિ યજ્ઞ ઊર્જામાં છે તેટલી સરળ વ્યાપક અને સસ્તી પદ્ધતિ આજ સુધી શોધી શકાઈ નથી. યજ્ઞને પ્રાચીન સમયમાં શારીરિક વ્યાધિઓ અને માનસિક તણાવ (તે ફાન) ના શમનમાં સફળતા પૂર્વક ઉપયોગ કરવામાં આવી હ્યો હતો. યજ્ઞ ચિકિત્સાના ખોવાયેલાં પાના (ભૂલાયેલી વાત) ને ફરીથી શોધી કાઢી જઈ શકાય અને આ વિજ્ઞાનને નવી પદ્ધતિથી સુવ્યવસ્થિત કરી શકાય તો એવાં સારાં પરિણામોની પૂરેપૂરી સંભાવના



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

છે કે માત્ર શારીરિક જ નહિ પણ માનસિક રોગોનો પણ સફળ ઉપચાર કરી શકાય. ચિકિત્સા પદ્ધતિઓમાં યજ્ઞ ચિકિત્સાને એટલા માટે શ્રેષ્ઠતા મળી શકે છે કે ઔષધિઓને ખૂબ સૂક્ષ્મ વાયુ સ્વરૂપ બનાવીને શરીરમાં ખૂબ સરળતાથી પહોંચાડી શકાય છે. ઔષધિ ઉપચારમાં સ્થૂળ પ્રક્રિયા અપનાવવાના કારણે દવા એટલી જલદી એટલી ઊંડી પ્રવેશી શક્તી નથી. આજની ગણતરીનું સંશોધન કરવાથી માલૂમ પડે છે કે શારીરિક રોગોથી પણ વધારે નાણાભીડ, બુરી ટેવો દિશા શુન્યતા, ગુનાહિત પ્રવૃત્તિઓ, ઉછાંછળા પણું, આવેશ, ખોટા વિચારો, ખોટી ભાવના જેવી માનસિક ઉપાધિઓ મનુષ્યને વિશેષ દુઃખ આપી રહી છે અને વિશેષ આફતનું કારણ બની રહી છે. આવા સંકટના નિવારણ માટે યજ્ઞ ઉપચાર પદ્ધતિને વ્યવસ્થિત સ્વરૂપમાં અપનાવવાથી સારી રીતે થઇ શકે છે, જેવા તેવા સ્વરૂપમાં ચાલી રહેલી વર્તમાન યજ્ઞ પ્રક્રિયામાં કોઇને કોઈ રૂપમાં શારીરિક અને માનસિક વ્યાધિઓના સમાધાનમાં ઘણી મદદ મળે છે.

આ પ્રક્રિયાનો સામૂહિક વ્યાપક પ્રભાવ પર્જન્ય વર્ષાના રૂપમાં હોય છે. પર્જન્યનો સ્થૂળ અર્થ—વાદળ. સૂક્ષ્મ અર્થ પ્રાણ વર્ષા થાય છે પ્રાચીન સમયના યજ્ઞ યુગમાં બધે પુષ્કળ વરસાદ વરસતો હતો. આથી યજ્ઞ કર્મ અને મેઘ વર્ષાની પરસ્પર સંગતિ બેસે છે. જ્યારે-ત્યારે દુકાળ નિવારણ માટે મેઘ વર્ષાના નિમિત્ત ખાસ અગ્નિહોત્રોના પ્રયોગ થયા છે અને ઘણીવાર સફળ પણ થયા છે. પણ વસ્તુતઃ પર્જન્ય, એથી આગળનું પ્રાણ તત્વ છે જે યજ્ઞના માધ્યમથી આકાશમાં ઉત્પન્ન થાય છે અને પવન તથા વાદળોના માધ્યમથી ધરતી પર વરસે છે. આ પર્જન્ય પ્રાણ વર્ષાથી સૃષ્ટિના સમસ્ત જડ ચેતનને નવજીવન અને ઉલ્લાસ પ્રાપ્ત થાય છે. ઘાસ, ઔષધિઓ—જળ, અન્ન, વાયુ, દૂધ વગેરેને પર્જન્યથી વિશિષ્ઠ પોષણ મળે છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તેના સામર્થ્યનો સ્તર ખૂબ વધી જાય છે. તેનો જે પણ પશુ અગર મનુષ્ય પ્રયોગ કરે છે તેની પ્રખરતા કોઈક જગાએ ખૂબ વધી જાય છે. આ ઉપલબ્ધિ સર્વતોમુખી પ્રગતિમાં દરેક દૃષ્ટિથી સહાયક સિદ્ધ થાય છે. વાયું શોધનથી પણ વધારે લાભ વાતાવરણની શુદ્ધિનો હોય છે. વાયુની શુદ્ધતાનો સ્વાસ્થ્ય પર સીધો પ્રભાવ પડે છે. વાતાવરણથી વ્યક્તિત્વની દરેક બાજુ પ્રભાવિત થાય છે. તેમાં ચિંતનને દિશા મળે છે. પ્રવૃત્તિઓની પૂર્ણ શુદ્ધિનો આધાર ખડો થાય છે. જનમાનસની સ્વચ્છતા (સફાઈ) નું જે લક્ષ્ય લઈને યુગ નિર્માણ-મિશન ચાલી રહ્યું છે તેને માટે પ્રચ શાત્મક, રચનાત્મક અને સુધારાત્મક કાર્યક્રમ તો અપનાવવાનો જ હશે, લેખન અને વાણીના પ્રયોગ તો કરવા જ પડશે, પરંતુ સ્થૂળ પ્રયત્નોથી અંતઃકરણના મર્મસ્થાનને પ્રભાવિત, શુદ્ધ કરવામાં આટલાં સાધન જ પુરતાં ન હશે. એ માટે સૂક્ષ્મ જગતના પ્રવાહ પણ ઉલટાવવા પડશે ઠંડી, ગરમી અને વરસાદનો વાતાવરણ પર પ્રભાવ પડે છે, અને તેનાથી પરિસ્થિતિમાં ભારે તફાવત પડતો માલમ પડે છે બીલકુલ એ જ રીતે સૂક્ષ્મ વાતાવરણમાં પણ ઉત્તમ તત્વનો સાપેક્ષિક. સંબંધ વધી શકે તો લોક પ્રવાહને યોગ્ય દિશામાં ચાલવુ વધારે મુશ્કેલ ન રહેશે. વહાણ પવનની દિશામાં સ્વાભાવિક વધારે તેજ ગતિ પકડી શકે છે.

ઉજ્જવળ ભાવિના નિર્માણમાં, ઇચ્છનિય વાતાવરણ બનાવવામાં, ગાયત્રી યજ્ઞોની શૃંખલાથી અતિ મહત્વપૂર્ણ અનુકૂળતા ઉત્પન્ન થઈ શકે છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ગાયત્રી અને યજ્ઞ

## વચ્ચે અન્યોન્યાશ્રિત સંબંધ

ભારત ભૂમિના પ્રસુપ્ત અંતરાત્માને જગાડવાને માટે જ્ઞાન અને વિજ્ઞાનની પુનઃ સ્થાપના કરવી એ સૌથી પ્રથમ કાર્ય છે. જ્ઞાન અને વિજ્ઞાનના બળ પર જ કોઈ વ્યક્તિ કે રાષ્ટ્ર પ્રગતિ કરી શકે છે. જ્યારે આ બેમાંથી એકમાં પણ કંઇક ઘટ વર્તાય છે તો અધઃ પતનનો માર્ગ મોકળો થઇ જાય છે જ્ઞાનનો અર્થ છે—વિદ્યા, બુદ્ધિમત્તા, વિવેક, દૂરંદેશી પણું, સદ્ભાવના, ઉદારતા, અને ન્યાય-પ્રિયતા વિજ્ઞાનનો અર્થ છે - બળ, યોગ્યતા, સાધન શક્તિ, સંપન્નતા, અને શીઘ્ર સફળતા પ્રાપ્ત કરવાનું સામર્થ્ય. આત્મિક અને ભૌતિક બન્ને ક્ષેત્રોમાં જ્યારે સમતોલ પ્રગતિ થાય છે ત્યારે તેને વાસ્તવિક વિકાસ કહેવામાં આવે છે. પ્રાચીન સમયમાં ભારત ભૂમિ આ બન્ને ક્ષેત્રોમાં પરિપૂર્ણ હતી. સાધારણ જનતાથી માંડીને રાજ-પરિવાર તથા ઋષિ આશ્રમોમાં જ્ઞાન અને વિજ્ઞાનની ઉચિત પ્રતિષ્ઠા હતી. રાજકુમારો પણ ઋષિઓના આશ્રમોમાં જઇને જ્ઞાન સંપાદન કરતા હતા અને વિજ્ઞાનની રહસ્યમય નાના પ્રકારની કળાઓ સંપન્ન કરતા હતા. દિવ્ય શસ્ત્રો, દિવ્ય સામર્થ્યોના આશ્ચર્યજનક વર્ણન પ્રાચીન ઇતિહાસ-પુરાણોમાં ભર્યાં પડયાં છે. ઋષિઓ આત્મ-ચિંતનમાં, પરમાર્થ સાધનામાં મંડયા રહેતા હતા તો પણ અષ્ટસિદ્ધિ નવનિધિ, જેવી લોકોત્તર શક્તિઓ તેમને ઉપલબ્ધ રહેતી હતી. પ્રાચીનકાળમાં ભારત બુદ્ધિમાન પણ હતો અને બળવાન પણ હતો.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બુદ્ધિમાન બનવાને માટે ભારત વિજ્ઞાનની ઉપાસના કરવામાં સદૈવ સંબંધિત રહેતો હતો. યોગીલોકો જ્યાં ભક્તિ ભાવના દ્વારા ભગવાન સાથે સંબંધમાં રહેતા હતા ત્યાં કષ્ટ સાધ્ય સાધનો તથા તપશ્ચર્યાઓ દ્વારા પોતાનામાં અનેક પ્રકારના સામર્થ્ય પણ ઉત્પન્ન કરતા હતા. ભાવનાથી ભગવાન અને સાધનાથી શક્તિ પ્રાપ્ત થાય છે એ નિર્વિવાદ છે.

આધુનિક જ્ઞાન પ્રત્યક્ષ દશ્યો, અનુભવો તથા વિજ્ઞાન મશીનો પર અવલંબિત છે. ભૌતિક જાણકારી તથા શક્તિઓ પ્રાપ્ત કરવા માટે ભૌતિક સાધન સામગ્રીનો જ આજના વૈજ્ઞાનિક પ્રયોગ કરી રહ્યા છે. આ રીત બહુજ ખર્ચાળ, શ્રમસાધ્ય, અલ્પ-ફળદાયક અને અલ્પજીવી અસ્થાયી છે. જે જ્ઞાન મોટા મોટા વિદ્વાનો, પ્રોફેસરો, રિસર્ચ સ્કોલરો મારફત ઉત્પન્ન કરવામાં આવી રહ્યું છે તે (જ્ઞાન) ભૌતિક જાણકારી તો ઠીક પ્રમાણમાં વધારી દે છે, પણ તેનાથી અંતઃકરણ કે આત્મિક મહાનતા, ઉદાર-દષ્ટિ તથા લોક સેવાને માટે આત્મભોગ આપવાની ભાવના પેદા થતી નથી. આજનું આવું 'જ્ઞાન' મનુષ્યને વધુ સ્વાર્થી, ધૂર્ત, અને ખર્ચાળ બનાવી રહ્યું છે. બીજી તરફ જે વૈજ્ઞાનિક પ્રગતિ થઈ રહી છે તેથી એક બાજુ થોડો લાભ થાય છે તો બીજી બાજુ તેથી વધારે હાનિ થાય છે. રાસાયણિક પોષણ આપીને ખેતીનું ઉત્પાદન વધારવામાં આવી રહ્યું છે પણ આ જાતના પોષણથી જે ખોરાક (અનાજ) ઉત્પન્ન થાય છે તેમાં અનેક હાનિકારક તત્વ હોય છે. જે સ્વાસ્થ્યને બગાડે છે. કારખાનાઓમાં વસ્તુઓ મોટા જથ્થામાં તૈયાર થાય છે પણ કારખાનાના ધુમાડાથી, શોરબકોરથી ત્યાં કામ કરવાવાળા પર તથા નજીકમાં રહેવાવાળા લોકો પર શો પ્રભાવ પડે છે, અને તેથી થતી હાનિનો અંદાજ લગાવવામાં આવે તો તે કંઈ ઓછી ભયંકર નથી. વૈજ્ઞાનિકો ચિંતિત બન્યા છે કે એક સૈકાની અંદર ખાણના કોલસા, બળતણનું તેલ,



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પેટ્રોલ વગેરે પૃથ્વીમાં ભરેલાં ઇંધણ સમાપ્ત થઇ જશે. ત્યારે આજની મશીનરી બીલકુલ બીન ઉપયોગી થઇ જશે, વીજળી ઉત્પન્ન કરવા માટેના જળ ભંડારો દિન-પ્રતિદિન સુકાઈ જશે અને અણુ વિસ્ફોટ મારફત જો કદિ વધારે શક્તિ પેદા કરવામાં આવશે તો તેનો પ્રભાવ વાયુ મંડળ પર ખરાબ પડશે. રેડિયો સક્રિય તરંગો વધી જવાને કારણ પ્રાણીઓનું સ્વાસ્થ્ય નષ્ટ થઈ જશે. આ રીતે આજનું વિજ્ઞાન આવતી સદીમાં પોતાના મોતે મરશે અથવા સમસ્ત મનુષ્ય જાતિને પોતાની સાથે લઇને ડૂબી મરશે.

પ્રાચીન કાળમાં જ્ઞાન અને વિજ્ઞાનનો પાયો આજ કરતાં જુદો હતો. આજે જે રીતે દરેક વસ્તુ, જડ જગતમાંથી, અને ભૌતિક પરમાણુઓમાંથી શોધી કાઢી પ્રાપ્ત કરવામાં આવે છે એજ રીતે પ્રાચીન કાળમાં પ્રત્યેક વાત, પ્રત્યેક શક્તિ આધ્યાત્મિક જગતમાંથી શોધી કાઢવામાં આવતી હતી. આજનો પાયો ભૌતિકતા છે પ્રાચીન કાળનો પાયો આધ્યાત્મિકતા હતી. વિજ્ઞાનનું એ જગજાહેર તથ્ય છે કે આંખે જોઇ શકાય છે તે બધી વસ્તુ (પદાર્થ) સ્થૂળ છે. પ્રત્યક્ષ જોઇ શકાતી વસ્તુ કરતાં એજ પદાર્થો અનેકગણા અદૃશ્ય-સૂક્ષ્મરૂપથી આ અખિલ આકાશમાં ભ્રમણ કરતા રહે છે. પૃથ્વી પર જો કદિ સો ટન પાણી ભરેલું માનવામાં આવે તો આકાશમાં કરોડો ટન પાણી, અદૃશ્ય રૂપથી, ભરેલું છે એમ માનવામાં આવશે. આપણો વિચાર અને સંકલ્પ પણ એક પદાર્થ છે. એ પદાર્થમાં એક જાતની ચુંબક શક્તિ પેદા કરી શકાય છે અને તેની મદદથી અદૃશ્ય જગતમાં ભ્રમણ કરતા રહેતા કોઈ પ્રમાણમાં વિશેષ હોય એવા પદાર્થના પરમાણુઓને ખેંચીને પોતાની તરફ લાવી શકાય છે. વિજ્ઞાનના આ આધારને પકડીને ઋષિઓએ એમ જોયું કે જ્યારે સૃષ્ટિના બધા પદાર્થોના અણુ આપણા શરીર ક્ષેત્ર અને મનઃ ક્ષેત્રમાં મોજૂદ છે તો તેમાંથી ઉપયોગી અણુઓનો વિકાસ કરીને તેજ જાતિના અસંખ્ય



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અણુઓને જગતમાં ખેંચીને મન પસંદ વસ્તુ પ્રાપ્ત કરી લેવાનું પ્રયોજન શા માટે સિદ્ધ ન કરી લેવામાં આવે? તેમણે આ આધાર પર વિજ્ઞાનની ખોજ કીધી અને પોતાના શરીર તથા મનમાં છુપાયેલી જાતજાતની શક્તિઓને વિવિધ સાધનાઓ દ્વારા જાગૃત કીધી. આના ફળસ્વરૂપ એમની પકડવાની શક્તિ એટલી બધી બળવાન થઈ ગઈ કે જેવી રીતે સારસ પક્ષી પોતાની લાંબી ગરદન પાણીમાં ડુબાડીને જ્યાંથી ચાહે ત્યાંથી માછલી પકડી લે છે, એવી જ રીતે તે(ઋષિ)આકાશ ક્ષેત્રમાંથી વિવિધ પ્રકારની વસ્તુઓ સામર્થ્ય તથા શક્તિથી પકડી લેતા હતા.

જ્ઞાન અને વિજ્ઞાનની આપણી પ્રાચીન શોધ ગાયત્રી અને યજ્ઞના આધાર પર થતી હતી. કારણ કે આ બન્ને આધ્યાત્મ વિદ્યાના માતા-પિતા છે. ગાયત્રી જ્ઞાન રૂપિણી છે. યજ્ઞ વિજ્ઞાનનું પ્રતીક છે. ગાયત્રી મંત્રના ૨૪ અક્ષરોમાં મનુષ્ય જાતિને માર્ગદર્શન મળે એવું શિક્ષણ સારા પ્રમાણમાં ભર્યું પડ્યું છે. આ ઉપરાંત મંત્રના અક્ષરોની ગોઠવણી, ગૂઢ તત્વવાળી વિદ્યાના ગૂઢ આધાર પર, પણ કરવામાં આવી છે. આ ૨૪ અક્ષરોની ઉપાસનાનો ઉપયોગ જો કહિ શાસ્ત્ર વચન પ્રમાણે અને વૈજ્ઞાનિક રીતે કરવામાં આવે તો શરીર અને મનમાં ભરી પડેલી શક્તિઓ પોત પોતાની રીતે, પોત પોતાને સમયે અને પોતપોતાની મેળે અલૌકિક પરિણામ આપતી થશે. આધ્યાત્મિકતામાં ઝડપી વૃદ્ધિ થતી જાય છે, બુદ્ધિ તીવ્ર થતી જાય છે, તથા એવી દીર્ઘ દૃષ્ટિ (અગમચેતી)નો વિકાસ થાય છે કે તેના આધારે જીવન સમસ્યાઓની અનેક ગુંચ સરળ બનાવી શકાય.

યજ્ઞનું વિજ્ઞાન ખૂબજ મહત્વપૂર્ણ છે. વેદ મંત્રોની શબ્દ શક્તિને, વિશિષ્ટ કુંડો સમિધાઓ, હવનની સામગ્રી, અને ચરૂઓની સાથે ઉત્પન્ન કરવામાં આવેલ સામર્થ્યવાન અગ્નિમાં સમ્મિશ્રિત કરવાથી રેડિયો સક્રિય તરંગોનો આવિર્ભાવ થાય છે. આ શક્તિ તરંગો રડાર યંત્રની માફક સંસારના કોઈ પણ ભાગમાં



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

મોકલી શકાય છે. કોઇ ખાસ વ્યક્તિના શરીરમાં ભરી શકાય છે. અને પ્રકૃતિની ગુહ્ય ગહરાઈમાં, કોઈ ખાસ હેતુ માટે પ્રવેશ કરાવી શકાય છે. વરસાદ, ધાન્ય, ઓજસ, આરોગ્ય, પ્રાણ, જીવન વગેરેની પૃથ્વી પર અભિવૃદ્ધિ કરવા માટે એનો (શક્તિ તરંગોનો) ઉપયોગ કરી શકાય છે. આપણી ભાવનાઓ, વિચાર પદ્ધતિ અને પરિસ્થિતિને બદલવા માંટે, યજ્ઞમાંથી ઉત્પન્ન થતી શક્તિઓનો ઉપયોગ થઇ શકે છે. આ રીતે વિચારતાં યજ્ઞના અનેક લાભ અને ઉપયોગને કારણે યજ્ઞને એક ખૂબ જરૂરી પ્રક્રિયા માનવામાં આવી છે. હિન્દુ ધર્મમાં દરેક પર્વ, ઉત્સવ, પૂજન, કર્મકાન્ડ, વ્રત, સંસ્કાર વિધિ, તહેવાર,ઉપાસના વગેરે યજ્ઞની સાથે જ થાય છે. પ્રસુતિ ગૃહમાં અખંડ અગ્નિની સ્થાપના સાથે હિન્દૂ બાળકનો જન્મ થાય છે. અને મૃત્યુ બાદ પણ શરીરને અંતિમ સંસ્કાર સાથે યજ્ઞ ભગવાનને સોંપી દેવામાં આવે છે. ઋષિમુનિઓએ યજ્ઞને આટલી અગત્યતા કેમ આપી હશે ? કારણ એટલું જ કે તે (યજ્ઞ) માત્ર ભૌતિક શક્તિ આપનાર જ નથી પણ આત્મ કલ્યાણ કરનાર, શરીર અને મનને નિર્મળ અને નિર્વિકાર બનાવીને શાંતિદાયક પરિસ્થિતિ ઉત્પન્ન કરનાર પણ છે.

ભારતીય સંસ્કૃતિના નવનિર્માણ માટે- પુનરૂદ્ધાર માટે- આપણને જ્ઞાન અને વિજ્ઞાનની જરૂર પડશે એના વિના એ મહાન કાર્યની પ્રગતિ થશે નહિ. ભારતીય સંસ્કૃતિનો બીજ મંત્ર ગાયત્રી છે. તેની શક્તિ અને શિક્ષણના આધાર પર આપણી આખી પુનર્નિર્માણ યોજના ઉભી છે. અગ્નિની માફક તેજસ્વી રહો અને યજ્ઞની જેમ પરોપકારના હેતુ માટે જીવતા રહો એ જ તો છે હિન્દુ જીવનનો આદર્શ. આપણા ભૌતિક માતા પિતા આપણને શરીર, સંપત્તિ, શિક્ષણ સુવિધા, આશ્રય, સહકાર અને પ્રેમ વગેરે ઘણું ઘણું આપે છે. ગાયત્રી માતા અને યજ્ઞ પિતાની જો આપણે પ્રતિષ્ઠા અને



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ઉપાસના કરીએ તો તેમની મારફત આપણે એથી પણ ઉત્તમ અને મહત્વની વસ્તુઓ મેળવી શકીએ છીએ.

ધર્મ-પુસ્તકોમાં ડગલે અને પગલે યજ્ઞના મહિમાના ગુણગાન કરવામાં આવ્યાં છે કહેવામાં આવ્યું છે કે—

યો યજ્ઞયજ્ઞ પરયૌરિચતે યજ્ઞ સંજ્ઞિતઃ ।
તં યજ્ઞ પુરૂષ વિષ્ણું નમામિ પ્રભુમીશ્વરમ્ ।।

"જેમનું યજ્ઞ મારફત પૂજન થાય છે, જેઓ યજ્ઞમય છે, યજ્ઞ-રૂપ છે તે યજ્ઞરૂપ વિષ્ણુ ભગવાનને નમસ્કાર છે."

યજ્ઞ મનુષ્યની અનેક કામનાઓ પૂર્ણ કરનાર છે તથા સ્વર્ગ અને મુક્તિ આપનાર છે. યજ્ઞને છોડી દેનારાઓની શાસ્ત્રમાં બહુ નિંદા કરવામાં આવી છે--

યજ્ઞેન પાપૈઃ બહુભિર્વિમુક્તઃ પ્રાપ્નોતિલોકાન પરમસ્ય, વિષ્ણોઃ
હારીત--

"યજ્ઞ કરવાથી અનેક પાપોમાંથી છુટકારો મળે છે. અને દેવતાઓની પણ પ્રાપ્તિ થાય છે."

યજ્ઞની આવી મહાન ઉપયોગિતા જોઇને જાતજાતના યજ્ઞોનો પ્રચાર આ દેશમાં થયો હતો. જે તે પ્રકારના યજ્ઞથી જે તે પ્રકારના હેતુ સિદ્ધ થતા હતા. બલિવૈશ્વ યજ્ઞઃ સાંસારિક જીવન, આસ્તિકતા, આધ્યાત્મિકતા અને પવિત્રતા બનાવી રાખવા માટે, બાજપેય ચરૂ-જન યજ્ઞઃ સુષુપ્ત માનસની, આત્મિક, બૌદ્ધિક તથા નૈતિક ચેતનાને જાગૃત કરવા માટે, રાજસૂય યજ્ઞઃ રાજતંત્રની સમસ્યાઓને હલ કરાવવા માટે, અશ્વમેઘ યજ્ઞઃ આંતરરાષ્ટ્રીય સમસ્યાઓ (ગુંચ) ના સમાધાન માટે થતા હતા. ગાયત્રી યજ્ઞોને આ સર્વ પ્રકારના યજ્ઞનું પ્રતીક માનવામાં આવ્યું. ગાયત્રી સંહિતાનુ કથન છે—

અગ્નિહોત્રં તુ ગાયત્રી મંત્રેણ વિધિવત્ કૃતમ ।
સર્વેષ્વવસરેષ્વેવ શુભમેવ મતં બુધૈઃ ।।૭૦।।
—ગાયત્રી સંહિતા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

શરીરમાં સદ્‌વિચારો અને સ્થૂળ શરીરમાં સત્કાર્યોના રૂપમાં તેને ક્રિયાશીલ થતા જોઇ શકાય છે. અગર તો પછી આ સમગ્ર બ્રહ્માંડને ઈશ્વરનું વિરાટ સ્વરૂપ સમજીને, તેને સમુન્નત અને સુવિકસિત બનાવવાના રૂપમાં, સેવા સાધનાના કર્મયોગના સ્વરૂપમાં સાધી શકાય છે. પણ તેને માટે જો પૂજા પ્રતિકની જરૂર હોય તો 'અગ્નિ' થી ઉત્તમ બીજું કોઈ હોઈ શકે નહિ. ઋગ્વેદના પ્રથમ મંત્રમાં ઈશ્વરને પ્રતીક પ્રતિમાના રૂપમાં 'અગ્નિ' નું પ્રતિપાદન કર્યું છે અને પરમાત્માને દિવ્ય અગ્નિ કહ્યા છે. તેને બ્રહ્મ તેજ, સાધના, લેટન્ટ લાઇટ, ડિવાઇન લાઇટ, પવિત્ર પ્રકાશ, વગેરે નામોથી પોકારે છે.

ભારતીય ધર્મની આદિ ઉપાસનાના શોધક-શોધકર્તાઓએ તેને 'અગ્નિ પૂજક' ની સંજ્ઞા આપી છે. ઈરાનમાં રહેવાવાળા આર્ય આમતો પોતાને પારસી કહે છે તેમની પૂજા પદ્ધતિમાં અગ્નિની ઉપાસના મુખ્ય છે. અગ્નિ મંદિર (અગિયારી) જ તેમનું ઉપાસના ગૃહ કહેવાય છે. ભારતમાં પણ પંજાબનું જ્વાલામુખી મંદિર પ્રસિદ્ધ છે જેમાં અગ્નિની ઉપાસના હોય છે. ઋષિઓના આશ્રમોમાં અખંડ અગ્નિ, અખંડ ધૂણીના રૂપમાં પ્રતિસ્થાપિત કરેલો રાખવામાં આવતો હતો. વૈદિક કર્મકાંડોમાં પાંચ અગ્નિની સ્થાપના અને તેના નિત્ય યજ્ઞનું વિધાન છે. પુરાણિક કાળમાં પંચયજ્ઞને નિત્ય કર્મમાંતો સામેલ રાખવામાં આવ્યા જ પણ તેની સાથે અન્નદાન જેવાં વિધાન જોડી દેવામાં આવ્યાં.

પ્રતીક રૂપે અગ્નિ પ્રતિમાને ઇશ્વર આરાધનાના કામમાં લેવાનું અગ્નિહોત્ર કહી શકે છે. અગ્નિહોત્ર પ્રત્યેક શુભકાર્યમાં, પર્વ પ્રસંગે, ખાસ કર્મકાંડોમાં મુખ્ય રૂપથી સમાવેશ છે. હોળી સમૂહમાં કરવામાં આવતો યજ્ઞ છે. નવી ફસલ (ઋતુ) ના નવા પાકેલા અન્નને સંસ્કૃતમાં હોલી કહે છે. હોળીનો હોમ જેમાં કરવામાં આવે તે 'હોલી'. ખેતી પ્રધાન ભારતમાં નવી ફસલના આગમનનો એ બધા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કરતાં મોટો આનન્દ ઉત્સવ છે જે સામૂહિક યજ્ઞના સ્વરૂપમાં મનાવવામાં આવે છે. હવે તો આ મહાન પરંપરાનું વિકૃત ખંડિયેર માત્ર નજરે પડે છે. ખાલી લાકડાં છાણા બાળીને લોકો સંતોષ લઈ લે છે. તો પણ હોળી સળગાવતાં પહેલાં જે પૂજા વિધિ કરવામાં આવે છે અને પાછળથી મસ્તક પર ભસ્મ લગાવવાથી માંડીને પ્રદક્ષિણા સુધીના જે ક્રિયા કાન્ડ થાય છે તેથી સ્પષ્ટ થાય છે કે હોળી સામૂહિક વાર્ષિક યજ્ઞની પુણ્ય પરંપરા સિવાય બીજું કંઈ જ નથી. દીવાળીના દીપોત્સવમાં અગ્નિદેવની જ પ્રતિષ્ઠાપના છે. બીજા બધા પર્વો પ્રસંગે નાના મોટા રૂપમાં હવનની ચિન્હ તરીકે પૂજા થતી રહે છે. સ્ત્રી વર્ગ ચૂલામાંથી દેવતા કાઢીને તેના પર ઘી, લવિંગ, મિષ્ટાન, પકવાન વગેરે ચઢાવે છે અને તેની જળ પરિક્રમા કરીને અગ્નિહોત્રની પ્રતિક પૂજા સ્વયં કરી લે છે. પુંસવન (સોળ સંસ્કારમાંનો એક) થી માંડીને અંતિમ ક્રિયા સુધીમાં ૧૬ સંસ્કાર છે. તેમાંથી દરેકમાં હવન અનિવાર્ય છે. એ સંસ્કારમાં તો તેની પ્રધાનતા છે. (અગ્રસ્થાન આપવામાં આવ્યું છે) અગ્નિને સાક્ષી રૂપે રાખીને જ પ્રતિજ્ઞા પૂર્ણ થયેલી મનાય છે. અને ચાર અગર સાત પ્રદક્ષિણા—અગ્નિની—વર-વધૂ સાથે મળીને કરે છે. વર-વધુની પ્રદક્ષિણા બાબત એજ માનવામાં આવે છે કે વેલ્ડિંગ લોખંડના બે ટુકડાને જે રીતે જોડી દે છે તે રીતે યજ્ઞનો અગ્નિ વર-વધુના આત્માને અતૂટ બંધનમાં બાંધી દે છે. મરણ બાદ હિન્દૂના શરીરને યજ્ઞના અગ્નિમાં જ હોમી દેવામાં આવે છે. વિશુદ્ધ રૂપથી ચિતા, અંતિમ યજ્ઞ છે. તેમાં ઘીની આહુતિની અનિવાર્યતાથી માંડીને બધાં છુટાં-છવાયાં ક્રિયા-કૃત્ય ને અગ્નિહોત્રના જ કુરૂપ કહી શકાય છે. વાનપ્રસ્થ સંસ્કાર યજ્ઞ કાર્ય દ્વારા જ પરિપૂર્ણ થાય છે. યજ્ઞોપવીત નામ યજ્ઞના નામ પરથી જ પડયું છે. યજ્ઞ ક્રિયાની સાથે જ પવિત્ર સૂત્રને ખભા પર ધારણ કરાવવાથી ઉપનયન કાર્ય પરિપૂર્ણ (સિદ્ધ) થાય છે. બીજા સંસ્કારોના સંબંધમાં પણ આજ વાત છે, તેમાં અગ્નિહોત્ર પણ અખંડ રૂપથી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જોડાયેલ છે. બીજા ધર્મોમાં પણ દીપક, અગરબત્તી, ધૂપબત્તી, મીણબત્તી અને લોબાન વગેરેના રૂપમાં પૂજા ઉપકરણોમાં અગ્નિની સ્થાપના પણ ભળેલી છે.

અગ્નિને પુરોહિત ધર્મોપદેશક માનીને તેનું પૂજન-અભિનન્દન કરવાનો હેતુ છે, અગ્નિમાંથી મળનાર વિશેષતાઓમાંથી આદર્શવાદી પ્રેરણા ગ્રહણ કરવાનો. એ વિશેષતાઓ આ પ્રકારની છેઃ—(૧) અગ્નિ હમેશાં ઉષ્ણ અને પ્રકાશવાન રહે છે. તેની પ્રેરણા એવી છે કે પુરૂષાર્થ પરાક્રમની ગરમી અને યશસ્વી, તેજસ્વિતા અને વિવેકશીલતાએ હમેશ પ્રકાશવાન રહેવું જોઇએ. (૨) અગ્નિની ઝાળ હમેશાં ઉપર જ જાય છે. ગમે તેટલું દબાણ થાય તો પણ તે નીચે જશે નહિ. આપણી વિવેક-દૃષ્ટિ અને વિચાર પ્રવાહ ઉપર ગમે તેટલો ભય, અને પ્રલોભનનું દબાણ આવે તો પણ તેને અધોગતિને માર્ગે વળનાર નીચ-હલકી બનાવવી ન જોઇએ. અગ્નિમાં નાંખવામાં આવતી કોઈ પણ વસ્તુને અગ્નિ તેનો સભાસદ બનાવી લે છે. આપણી શ્રેષ્ઠતાના સંપર્કમાં જે કોઇ પણ આવે તે બધાએ શ્રેષ્ઠતાનો માર્ગ અપનાવતા થતા થઇ જવું જોઇએ, ઉત્તમ બનીને સંપર્ક ક્ષેત્રને ઉત્તમ બનાવવાની પ્રેરણા અગ્નિની રીતિ-નીતિ પ્રમાણે શીખી જઈ શકાય છે (૪) અગ્નિને જે પણ વસ્તુ સુપ્રત કરવામાં આવે છે-સ્વાધીન કરવામાં આવે છે તે તેને પોતાની પાસે જમા કરતો નથી તેનું વાયુમાં રૂપાંતર કરીને સર્વત્ર પ્રસારી દે છે, વિશ્વ સંપત્તિ બનાવી દે છે. આપણી કમાણી ગમે તેટલી મોટી હોય, સુખ સગવડ, સમૃદ્ધિ, જ્ઞાન ગમે તેટલાં હોય તો પણ તેનો ઉપયોગ લોકમાંગલ્ય માટે થવો જોઇએ. આપણે સંગ્રહ કરનાર નહીં પણ અપરિગ્રહી, ઉદાર અને જન કલ્યાણ માટે આપણી શક્તિઓને લગાવી દેવાના સ્વભાવવાળા થવું જોઇએ (૫) ભસ્મ અગ્નિના અવશેષ છે. મનુષ્યના અવશેષ પણ મુઠ્ઠીભર ભસ્મ છે. યજ્ઞની ભસ્મ મસ્તક પર લગાડવામાં



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આવે છે, તેનું તાત્પર્ય એ છે કે જીવનના અંતિમ સ્વરૂપને, ભસ્મ-રૂપને ધ્યાનમાં રાખીને મૃત્યુની અનિવાર્યતાને સમજવામાં આવે અને મળેલ જીવન કાળની એક એક ક્ષણનો સર્વ શ્રેષ્ઠ સદુપયોગ કરવામાં આવે. આ પાંચ પ્રકારના બોધનો પંચાગ્નિ વિદ્યામાં સમાવેશ થઈ જાય છે. તેને અગ્નિ પુરોહિત, મનુષ્ય માત્રને શીખવે છે, જે તેને સારી રીતે સમજે છે અને વ્યવહાર-આચરણમાં ઉતારે છે તેને યજ્ઞીય જીવન જીવવાનો અવસર મળે છે. યજ્ઞની પ્રતીક પૂજામાંથી આટલું શિક્ષણ પ્રાપ્ત કરી લેનાર અને તે સદ્‌જ્ઞાનને આચરણમાં મૂકનાર સાચા અર્થમાં કૃત-કૃત્ય થઇ જાય છે.

યજ્ઞ એક પવિત્ર ધર્મ કાર્ય તો છે જ, અને સાથો સાથ ઉત્તમ જીવન દર્શન પણ છે. યજ્ઞ, પવિત્રતા અને પરમાર્થનું પ્રતીક છે. અગ્નિ સ્વયં પવિત્ર હોય છે. અને એના સંપર્કમાં આવનાર અપવિત્ર વસ્તુ પવિત્ર બની જાય છે. અગ્નિ પોતા માટે કંઈ કરતા નથી. એના બધા જ ક્રિયાકલાપો પરમાર્થ માટે હોય છે. યજ્ઞનો મુખ્ય ઉદ્દેશ્ય સાધારણ જનસમાંજમાં પરમાર્થની, સદ્‌પ્રવૃત્તિઓને અને સદ્‌પ્રેરણાઓને ભરી દેવાનો જ છે. યજ્ઞકર્તા પોતાને ઉપયોગમાં આવી શકે એવા ઘી, મેવા, મિષ્ટાન વગેરે ઉપયોગી પદાર્થો પોતાનું પેટ ભરવામાં ન લેતાં પરમાર્થ માટે કાઢે છે. ઉપરોક્ત પદાર્થ જેવા પદાર્થો આહુતિઓના રૂપમાં તેને વાયુ સ્વરૂપ બનાવે છે અને વાયુમંડળમાં પ્રસારી દઈ પ્રાણીમાત્રના ઉપયોગ માટે પ્રસ્તુત કરે છે. પ્રાણીમાત્ર શ્વાસ લે છે. શ્વાસ સાથે આ યજ્ઞીય સ્વાસ્થ્ય સંવર્ધક પદાર્થ તેમને મળી રહે છે. આ રીતે યજ્ઞ કર્તા આહુતિરૂપી દાનથી પ્રાણીમાત્ર માટે પ્રીતિ ભોજન તૈયાર કરે છે અને અસંખ્યોનું બ્રહ્મભોજન કરવાનું પુણ્યફળ મેળવે છે. અન્નની સરખામણીમાં વાયુ વધારે મૂલ્યવાન છે. પ્રાણવાન વાયુ મળવાથી તે ક્ષેત્રના બધા મનુષ્ય બળવાન, નીરોગી અને દીર્ઘાયુ બને છે. અન્નનો પ્રભાવ થોડો જ સમય રહે છે. હલકા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પ્રકારના અન્નથી થોડો સમય કામ ચાલી શકે છે પણ હલકા પ્રકારના વાયુથી તો શ્વાસ જ ઘુંટાય જાય છે. યજ્ઞ દ્વારા પ્રાણવાન વાયુ તૈયાર કરી તે થોડા લોકોને આપી દેવા કરતાં પ્રાણીમાત્ર ઉપયોગમાં લઈ શકે તેમ કરવું તે વધારે પરમાર્થિક છે

અગ્નિહોત્રનું વાસ્તવિક સ્વરૂપ છે, ત્યાગ, સંયમ, સેવા, સદાચાર, પરોપકાર, ઉદારતા, સહૃદયતા વગેરેને જીવનમાં ચરિતાર્થ કરવું. આ દૃષ્ટિથી વિચારીએ તો અગ્નિહોત્ર એક આધ્યાત્મિક નાટક છે. અને તેના દર્શનથી ઉપરોક્ત ભાવનાઓ જાગૃત થાય છે. સ્વાર્થી પ્રવૃત્તિને બદલે પરમાર્થ પરાયણતાનો વિકાસ થશે. જ્યાં સુધી યજ્ઞ પરંપરા રહી ત્યાં સુધી આપણું સામાજિક જીવન દરેક દૃષ્ટિથી સ્વચ્છ, સમુન્નત અને ફાલતું-ફૂલતું રહ્યું, પણ આ પ્રવૃત્તિઓ નિર્બળ થતાં જ સમગ્ર સામાજિક જીવન તન્ત્ર લથડી ગયું. સમાજનું ખોળિયું તો આજે પણ જીવન્ત છે પણ તે પ્રાણ વગરનું છે. એકવાર વશિષ્ઠ આગળ મહારાજા દશરથે પુત્ર પ્રાપ્તિ માટેના યજ્ઞની રજુઆત કરી અને આગ્રહ કર્યો ત્યારે વશિષ્ઠે સ્પષ્ટ શબ્દોમાં પોતે એ માટે અણજાણ હોવાની વાત પ્રગટ કરી અને શૃંગી ઋષિ એ માટે યોગ્ય પાત્ર હોવાનું જણાવ્યું. યજ્ઞનો પુરોહિત શૈક્ષણિક દૃષ્ટિથી લાયક છે કે નહિ તે મુખ્ય પ્રશ્ન નથી પણ ભાવાત્મક દૃષ્ટિથી તેનું ચિંતન કેટલું ઉત્તમ છે. તેનું તથ્ય વિશેષ છે. આજ આ જાતની પરિસ્થિતિ કોઇ ઠેકાણે નથી. દક્ષિણા અને ચઢાવાના લોભમાં જ આ કાર્ય થતું હોવાનું જોવા મળે છે. હવે દક્ષિણાના અને ચઢાવાના રૂપમાં જનમાનસની શુદ્ધિનું જરૂરી અંગ એમાં સમાપ્ત થઈ જતું જોવામાં આવે છે. આ કારણથી એનું ઉત્તમ ફળ જનજીવનને મળતું નથી

આચાર્યે પોતે સાચા મનથી અને આચરણથી યજ્ઞ કરવો જોઇએ અને યજમાન પણ એજ પ્રકારની આત્મ ત્યાગની ભાવના વાળો યજ્ઞ કરે એમ શીખવવું જોઇએ. પણ આવા આચાર્યોની આજે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ભારે ખોટ છે. સંસારમાં આજે આનો મોટો અભાવ છે. એ અભાવને પૂર્ણ કરવા માટે પ્રાર્થના કરવામાં આવી છે કે :—

ય ઇમં યજ્ઞં મનસા ચિકેત પ્રણોવો ચ સ્તમિ હે હે પ્રવઃ ।

—અથર્વ

હે પ્રભુ ! અમારે માટે એવો ગુરૂ મોકલો કે જે અમને સાચા મનથી યજ્ઞ કરતાં શીખવે. જ્યાં સુધી પૂરા મનથી યજ્ઞ કરવામાં ન આવે ત્યાં સુધી હવન માત્રથી યજ્ઞનો વાસ્તવિક ઉદ્દેશ્ય પૂરો થઇ શકે નહિ. યજ્ઞનો વાસ્તવિક ઉદ્દેશ્ય પોતાની જાતને પરમાત્માને સોંપી દેવી એમ થાય છે. મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર એ ચારેના સમૂહને અંતઃકરણ કહે છે. અંતઃકરણ સહિત દશે ઇન્દ્રિઓ, દશે પ્રાણ, આંતરિક સુખ સગવડ–સંપત્તિઓને પણ જ્યારે જીવ પરમાત્માને સોંપી દે છે—પરમાત્માને તાબે થઇ જાય છે, તેની આહુતિ ભગવાનમાં લગાવી દેવાનો હોમ કરે છે ત્યારે જ સાચા અર્થમાં યજ્ઞનો ઉદ્દેશ્ય સફળ થાય છે. ઉપનિષદોમાં આ યજ્ઞની ચર્ચા આ પ્રકારે છે—

"તસ્યૈવં વિદુષો યજ્ઞસ્યાત્મા યજમાનહઃ શ્રદ્ધા
પત્નીઃ ઉરો ચેવી વેદ શિખા વાગ્ હોતા,
પ્રાણ ઉદ્ગાતા, ચક્ષુરધ્વર્યુઃ મનોબ્રહ્મા,
શ્રોત મગ્નીત યન્યુ રવં તદ્દાહવનીયઃ ઉદ્ગાતા ।"

આ આધ્યાત્મિક યજ્ઞમાં આત્મા યજમાન, શ્રદ્ધા યજમાનની પત્ની, હૃદય વેદી, વેદ ચોટલી, વાણી હોતા, પ્રાણ ઉદ્ગાતા, ચક્ષુ અધ્વર્યુ, મન બ્રહ્મા, કાન આગ્નીધ્ર, મુખ આહવનીય છે.

બીજાં પણ આ જાતના વર્ણન છે :—

વાગ્વૈ યજ્ઞસ્ય હોતા । ચક્ષુર્વૈ યજ્ઞસ્યાધ્વર્યુઃ ।
પ્રાણો વૈ યજ્ઞસ્યોદ્ગાતા । મનો વૈ યજ્ઞસ્ય બ્રહ્મા ।

બૃહદારણ્યક ૩।૧।૩–૬



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વાણી યજ્ઞની હોતા, ચક્ષુ યજ્ઞના અધ્વર્યુ, પ્રાણ યજ્ઞના ઉદ્ગાતા અને મન યજ્ઞના બ્રહ્મા છે.

યજ્ઞ પુરૂષ પરમાત્મા જ છે. તેના ચરણમાં સમિધાની જેમ પોતાની જાતને સમર્પણ કરી દેવાથી પોતાનું સ્વરૂપ પણ યજ્ઞમય થઈ જાય છે, હવનના અગ્નિમાં પડેલી સમિધા તથા સામગ્રી પણ એજ રીતે અગ્નિરૂપ બની જાય છે. પરમાત્માની આજ્ઞાઓ, પ્રેરણાઓ, તથા સતોગુણી પ્રવૃત્તિઓ પોતાના અંતઃકરણમાં ધારણ કરવી, અભ્યાસ, વૈરાગ્ય, સ્વાધ્યાય, ભક્તિ વગેરે સાધનોથી ઈશ્વરીય પ્રકાશને પોતાની અંતઃ ભૂમિકામાં વધારેને વધારે ધારણ કરવું એ પણ યજ્ઞ છે. સર્વ વ્યાપક પ્રભુ બધામાં વસેલો છે એમ જાણીને ગુપ્ત કુકર્મોથી બચવું જોઈએ. કોટવાળને સામે ઉભેલો જોઈને ચોર જે રીતે બરાબર તેની સામેજ ચોરી કરવાનું સાહસ કરી શકતો નથી એ જ રીતે પરમાત્માને સર્વ વ્યાપક સમજનાર વ્યક્તિ પણ કોઈ કુવિચાર કે કુકર્મ કરી શકતી નથી કારણ કે હવે તે પરમાત્માને તેના અંતઃકરણમાં જોઈ શકે છે એટલે તેની સામે કુવિચાર કેવી રીતે કરી શકે ? એવી જ રીતે વિશ્વના કણે કણમાં જ્યારે પ્રભુ બેઠેલો છે તો કયું એવું ગુપ્ત સ્થળ હશે કે જ્યાં તે પોતાની ચોરીને છુપાવી શકે ? એજ રીતે જે વ્યક્તિ, પ્રભુની વિદ્યમાનતાનો સર્વત્ર અનુભવ કરશે, તે જડ કે ચેતન, બધાંની સાથે, સાચા વ્યવહાર સિવાય બીજું કંઈ કરી શકશે નહિ. એટલા માટે, યજ્ઞપુરૂષ ભગવાન સર્વ વ્યાપી છે, એમ માનીને તેને પોતાના અંતરાત્મામાં ધારણ કરવું, એ આધ્યાત્મિક યજ્ઞ છે. આવી યજ્ઞ નિષ્ઠાને, સર્વત્ર યજ્ઞ પુરૂષનું જ રૂપ જોવાની બ્રહ્મ દૃષ્ટિને, યોગી લોકો હમેશાં અપનાવતા રહે છે. શાસ્ત્રોમાં પણ એનું સમર્થન છે :—

સર્વ વ્યાપક બ્રહ્મા, સદૈવ યજ્ઞમાં રહે છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બ્રહ્માર્પણં બ્રહ્મ હવિર્બ્રહ્માગ્નૌ બ્રહ્મણાહુતમ ।
બ્રહ્મૈવ તેન ગન્તવ્યં બ્રહ્મ કર્મ સમાધિના ॥
—ગીતા ૪।૨૪

અર્પણ (હવન ક્રિયા) બ્રહ્મ છે, હવિ બ્રહ્મ છે, બ્રહ્મરૂપ અગ્નિમાં હવન કરવામાં આવે છે અને બ્રહ્મ જ હવન કરે છે. આ રીતે જેની બુદ્ધિમાં બધાં કર્મો બ્રહ્મરૂપ થઈ જાય છે તે બ્રહ્મને જ પ્રાપ્ત થાય છે.

અહં ક્રતુરહં યજ્ઞઃ સ્વધાહમહમૌષધમ ।
મન્ત્રોઽહમ હમેવાજ્યમહમગ્નિરહં હુતમ ॥
—ગીતા ૯।૧૬

હું યજ્ઞ છું, હું સ્વધા છું, હું ઔષધિ છું, અને હું જ મંત્ર, ઘી, અગ્નિ અને હવન છું.

ગીતામાં આધ્યાત્મિક યજ્ઞને સારી રીતે સમજાવવા નેમાટે તેના નાના નાના વિભાગ પણ કર્યા છે. દૈવયજ્ઞ, બ્રહ્મયજ્ઞ, આત્મયજ્ઞ, તપયજ્ઞ, યોગ યજ્ઞ, સ્વાધ્યાય યજ્ઞ, જ્ઞાન યજ્ઞ, પ્રાણ યજ્ઞ, સંયમ યજ્ઞ વગેરેની ચર્ચા કરતાં એમ બતાવ્યું છે કે આત્મકલ્યાણ અને પ્રભુ પ્રાપ્તિના માર્ગ પર ચાલતાં જે પણ કંઈ સત્ સાધન, કામમાં લેવામાં આવે છે, તે બધાં યજ્ઞ રૂપ જ છે.

દૈવમેવાપરે યજ્ઞં યોગિનઃ પર્યુપાસતે ।
બ્રહ્માગ્નાવપરે યજ્ઞં યજ્ઞેનૈવોપજુહ્વતિ ॥
શ્રોત્રાદીનીન્દ્રિયાણ્યન્યે સંયમાગ્નિષુ જુહ્વતિ ।
શબ્દાદીન્વિષયાનન્ય ઇન્દ્રિયાગ્નિષુ જુહ્વતિ ।
સર્વાણીન્દ્રિય કર્માણિ પ્રાણકર્માણિ ચાપરે ।
આત્મસંયમયોગાગ્નૌ જુહ્વતિ જ્ઞાનદીપિતે ।
દ્રવ્યયજ્ઞાસ્તપોયજ્ઞા યોગયજ્ઞાસ્તથાપરે ।
સ્વાધ્યાયજ્ઞાનયજ્ઞાશ્ચ યતયઃ સંશિતવ્રતાઃ ।



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અપાને જુહ્વતિ પ્રાણં પ્રાણેઽપાનં તથાપરે ।
પ્રાણાપાનગતિ રૂદ્ધ્વા પ્રાણાયામપરાયણાઃ ।
અપરે નિયતાહારાઃ પ્રાણાન્પ્રાણેષુ જુહ્વતિ ।
સર્વેઽપ્યેતે યજ્ઞોવિદોયજ્ઞક્ષપિત કલ્મષાઃ ।

—ગીતા ૪।૨૫-૩૦

ઉપરોક્ત શ્લોકમાં જે યજ્ઞોની ચર્ચા કરવામાં આવી છે તેનું વર્ગીકરણ આ રીતે કરી શકાય છે.

(૧) યોગીઓનો દેવયજ્ઞ—સૂર્ય, અગ્નિ વગેરે દેવતાઓ સાથે પોતાની ઇન્દ્રિઓના સંબંધનો અનુભવ કરતાં, તે સંબંધની શક્તિને વધારવી.

(૨) બ્રહ્મયજ્ઞ--જ્ઞાનરૂપી બ્રહ્મ અગ્નિમાં પોતાના કર્મના બંધનોને હોમવાં.

(૩) સંયમ યજ્ઞ—સંયમના તપરૂપી અગ્નિમાં ઇન્દ્રિઓની વાસનાને બાળવી.

(૪) ઇન્દ્રિય યજ્ઞ--ઇન્દ્રિઓની શક્તિનો મર્યાદિત હદમાં રહી ઉપયોગ કરીને તેની શક્તિનો સદુપયોગ કરવો.

(૫) આત્મ યજ્ઞ—આત્મારૂપી અગ્નિમાં પ્રાણોની ગતિ-વિધિઓનો ઉત્સર્ગ કરવો.

(૬) દ્રવ્ય યજ્ઞ—પોતાની ભૌતિક સંપત્તિને સત્કર્મોમાં વાપરવી.

(૭) તપ યજ્ઞ--શારીરિક કષ્ટ, સહિષ્ણુતા, ક્ષમા અને ઝગડાને સહન કરવાની શક્તિ મેળવવી.

(૮) યોગ યજ્ઞ—યોગાભ્યાસ દ્વારા આત્મવિકાસ કરવો.

(૯) સ્વાધ્યાય યજ્ઞ- સારાં પુસ્તકો દ્વારા, સત્સંગ દ્વારા અને ચિંતન-મનન દ્વારા આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

(૧૦) જ્ઞાન યજ્ઞ—સદ્જ્ઞાનની વૃદ્ધિ કરવી.

(૧૧) પ્રાણયજ્ઞ—અપાનમાં પ્રાણને લીન કરી દેવો, પ્રાણમાં અપાનનું સમર્પણ, એની ગતિને સમતોલ કરવા કુંભકનો અભ્યાસ કરવો.

(૧૨) આહાર યજ્ઞ—ભોજનની પવિત્રતા અને શ્રેષ્ઠતાનો સમન્વય કરવો.

ઉપરોક્ત યજ્ઞ-સાધનોથી મનુષ્યના બધાં પાપનો નાશ થાય છે અને બ્રહ્મ પ્રાપ્તિની દિશામાં ગતિ ઝડપી થાય છે.

આ આધ્યાત્મિક યજ્ઞ અન્તિમ લક્ષ છે, સ્થૂળ યજ્ઞ એની પ્રથમ સીડી છે. સાકાર મૂર્તિ પૂજાનો અભ્યાસ વધારતાં વધારતાં નિરાકાર બ્રહ્મની ઉપાસના સુધી પહોંચી શકાય છે તેવીજ રીતે અગ્નિહોત્ર દ્વારા યજ્ઞ ભાવનાનો વિકાસ કરતાં કરતાં પોતાની જાતને બ્રહ્માર્પણ કરીને પોતાને યજ્ઞ સ્વરૂપ બનવાનું હોય છે. આ જ યજ્ઞનું પરમ રહસ્ય છે. આ પરમાર્થ પ્રિયતા, પરસ્પર સહયોગ, સદ્ભાવનાની વૃત્તિ, સંયમ, ત્યાગ, ઉદારતા, ધર્મપ્રિયતા, આસ્તિકતાની ભાવનાજ યજ્ઞનું વાસ્તવિક રહસ્ય છે. ધર્મ કર્તવ્યને યજ્ઞ માનવું અને તેના પ્રસાદરૂપ તેમાંથી બાકી રહેલું જે મળે તેનાથી રાજી રહેવું એ જીવન નિર્વાહનો એક પરમ પુનીત માર્ગ છે. આ જીવન નીતિની ગીતામાં ખૂબ પ્રશંસા કરી છે.

યજ્ઞશિષ્ટા મૃતભુજો યાન્તિ બ્રહ્મ સનાતનમ્ ।

—ગીતા ૪।૩૧

યજ્ઞમાંથી બચેલું અમૃત ખાનાર-પીનાર વ્યક્તિ સનાતન બ્રહ્મને પ્રાપ્ત કરે છે.

યજ્ઞશિષ્ટાશિનઃ સન્તો મુચ્યન્તે સર્વકિલ્બિષૈઃ ।
ભુંજ્યન્તે તે ત્વઘં પાપા યે પચન્ત્યાત્મકારણાત્ ।।

—ગીતા ૩।૧૩



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

યજ્ઞમાંથી બાકી વધેલું ખાનાર સર્વ પાપથી છુટી જાય છે. જે ફકત પોતા માટે જ બનાવે છે તે પાપ ખાય છે.

આ યજ્ઞ ભાવના જ, સંસારની પરસ્પર સહકારી ભાવનાને કાયમ રાખી રહે છે. એને ત્યાગીને તો મનુષ્ય શેતાન બની જાય છે અને હિંસક પશુઓની જેમ એક બીજાને લૂંટી ખાવા તૂટી પડે છે. આવી સ્થિતિમાં તો માનવ જાતિનો તથા સંસારનો વિનાશ જ સંભવી શકે છે.

આ સંસારનો જ નહિ સમગ્ર લોકો, નક્ષત્ર મંડળો, બ્રહ્માંડો, અણુ પરમાણુઓનો કાર્યક્રમ પણ પરસ્પર સહકાર, ત્યાગ અને આદાન-પ્રદાનથી જ ચાલી રહ્યો છે. આ ભાવનાએ જ બધાને પરસ્પર જોડી રાખ્યા છે. વેદ પણ આ જ તથ્યનું પ્રતિપાદન કરે છે.

## સૂક્ષ્મ જગત અને જનમાનસની પૂર્ણ શુદ્ધિ ગાયત્રી યજ્ઞોથી

મનુષ્ય વ્યક્તિગત જીવનમાં પવિત્ર અને સામાજિક જીવનમાં ઉદાર બનીને રહે એ યજ્ઞની જ્ઞાન બાજુ છે. સામૂહિકતા, જાગૃતપણું અનુશાસન જેવી સત્પ્રવૃત્તિઓનો અભ્યાસ વધારે અને વાતાવરણ બનાવી રાખે એ યજ્ઞની વિજ્ઞાન બાજુ છે. આ બન્ને બાજુઓનું સાચા અર્થમાં અમલીકરણ થાય-અમલમાં મૂકવામાં આવે તો વ્યક્તિ અને સમાજની સર્વતોમુખી પ્રગતિના દ્વાર જરૂર ખુલી જાય.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

દેખાવમાં યજ્ઞ એક કાર્ય માલમ પડે છે, પણ વસ્તુતઃ એ ચેતનાનો એક પ્રવાહ છે. "તેને સત્પ્રવૃત્તિઓનો સમૂહ પણ કહી શકો છો." શાસ્ત્રકારોએ સાચું જ કહ્યું છે કે, "યજ્ઞમાં દેવતત્વનું પરિપોષણ થાય છે અને આ પુષ્ટિ પ્રક્રિયાનું પ્રતિફળ બધા લોકોની સંપન્નતા અને પ્રસન્નતાની પરિસ્થિતિ ઉત્પન્ન થવાના રૂપમાં મળે છે." ગાયત્રી ઉપાસનામાં આમ પ્રેરણા તો સામૂહિક સદ્-બુદ્ધિના વિકાસ અને શુદ્ધિની છે પણ તેની ક્રિયા લગભગ એકાકી જપ ધ્યાનના રૂપમાં જ સમાપ્ત (પૂર્ણ) થાય છે. સામૂહિક અનુષ્ઠા-નોમાં પણ બધા લોકો ભેગા થઈ બેસે તો છે પણ જપ ધ્યાન એકાકી (એકલાનું) જ થાય છે.

યજ્ઞ વિશુદ્ધ રૂપથી સામૂહિક છે. એના એકાકી પ્રયોગને પ્રોત્સાહન આપવામાં આવ્યું નથી. છેવટ પતિ-પત્ની બે તો હોવાં જ જોઇએ. એનાથી ઓછી સંખ્યામાં કામ નહિ ચાલે. ઘી અને ચરૂ હોમવા માટે બે વ્યક્તિતો હોવી જ જોઇએ. દૈનિક બલિવૈશ્વ એક વ્યક્તિ પણ કરી શકે છે. પણ તેનું પ્રયોજન પણ અનેકને લાભ પહોંચાડવાનું છે. ઉપયોગી પદાર્થોને ખુદના ઉપયોગમાંથી બચાવી સાર્વજનિક હિત માટે વાયુ સ્વરૂપ બનાવી ફેલાવી દેવામાં આવે આનું નામ યજ્ઞ પ્રવૃત્તિ છે. વસોધારામાં, સૌની સમર્પણ ભાવનામાં વ્યક્તિની સમર્પણ ભાવના વ્યક્ત કરવામાં આવી છે. પદાર્થ ત્રણ રૂપે હોય છે--ઘનસ્વરૂપ, પ્રવાહી અને વાયુ, યજ્ઞમાં પદાર્થોને યજ્ઞની સહાયતાથી વાયુ સ્વરૂપ બનાવી ઉપયોગી પદાર્થોને શ્વાસ દ્વારા સૌ કોઇને પ્રાપ્ત થાય એમ કરવામાં આવે છે. આ પ્રવૃત્તિ પરમાર્થ પરાયણતાની અને જન કલ્યાણની છે. યજ્ઞ કાર્યના લગભગ બધા ક્રિયા-કલાપોમાં અનેકના સહકારની જરૂર પડે છે. પવિત્ર જલાશયનું પાણી, પવિત્ર વનસ્પતિઓનો સંગ્રહ, મંડપ નિર્માણ, સ્વસ્તિ વાચન, વિસર્જન વગેરેમાં આરંભથી અંત સુધીની બધી ક્રિયાઓમાં



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સામૂહિકતા અને સહકારની જરૂર પડે છે. મંત્રોચ્ચારથી લઈને આહુતિ દાન, પ્રદક્ષિણા જેવાં બધાં કામોમાં સામૂહિક ક્રિયા કૃત્ય થાય છે. અને એકરૂપતા અને એકરાગીપણાના અનુશાસનનું પાલન થાય છે.

યજ્ઞના આ સમસ્ત ક્રિયા કલાપની ગંભીર સમીક્ષા કરતાં તે (યજ્ઞ) સમાજ નિષ્ઠાના પ્રશિક્ષણનું એક ઉપયોગી ધ્રુવ કેન્દ્ર છે એમ માની શકાય છે. રાષ્ટ્રીય ધ્વજનું સન્માન કરવામાં દેશ ભક્તિની ભાવના વધારવાનો ઉદ્દેશ્ય છે. યજ્ઞ કાર્યની મુખ્ય ઉપયોગિતા તરફ દૃષ્ટિપાત કરવામાં આવે તો તેમાં સામૂહિકતા, પવિત્રતા, ઉદારતા જેવી સત્પ્રવૃત્તિઓના મહત્વપૂર્ણ ભાવ તત્ત્વનો સમાવેશ થયેલો જોવા મળશે. આ પ્રવૃત્તિએની સ્થિરતા અને અભિવૃદ્ધિથી જ સર્વતોમુખી પ્રગતિની આશા રાખી શકાય છે.

ચરિત્ર નિષ્ઠા અને સમાજ નિષ્ઠાનું ગૌરવ અને ઉપયોગિતાને યજ્ઞ ક્રિયા સાથે જોડાયેલ અનેક નાના મોટાં કર્મકાંડોની વ્યાખ્યા-વિવેચના કરતાં જનમાનસમાં સારી રીતે ઉતારી શકાય છે. જલદી જલદી હવન ક્રિયા પતાવી નાખવામાં આવે તો જૂદીવાત, નહિતર જો મંત્રના અર્થ અને ઉપચારનું તાત્પર્ય હાજર રહેલ જનસમૂહને સારી રીતે સમજાવવામાં આવે તો તે ( હવન ) ધર્માનુષ્ઠાન, ઉચ્ચ સ્તરના લોક શિક્ષણ માટે એક સરસ મંચ બની શકે છે. હાવભાવ અને વાણીનો યોગ્ય મેળ કરીને હાજર રહેલ લોકોને સરળતાથી પ્રભાવિત કરી શકાય છે. આ તથ્યના આધાર પરજ, ધાર્મિક અનુષ્ઠાનોથી માંડીને નાટકના મંચ સુધીની સુવિસ્તૃત પ્રશિક્ષણ શૃંખલા, ઉભી કરવામાં આવી છે. આ કસોટી પર કસવાથી, યજ્ઞને સર્વ સુલભ શ્રદ્ધાળુ ઉપચાર કહી શકાય છે. જેના માધ્યમથી ઉત્તમ ચિંતન અને આદર્શ કર્તવ્યભાવનાનું ધર્મ શિક્ષણ બધા માટે સરળ બને છે. યજ્ઞની જ્ઞાન બાજુની ઉપયોગિતાનું જેટલું મહાત્મ્ય આપી શકાય તેટલું ઓછું છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.